RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 326 Dt. 10-06-2025 Page : 08 Price : Rs 3

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**




# મણિપુર ૧૦ દિવસ સજ્જડ બંધ

## સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન દ્વારા ભૂતપૂર્વ હેડ કોન્સ્ટેબલ અને મેઈતેઈ જૂથના સભ્ય આશારામ કાનન સિંહની ધરપકડ બાદ મણિપુરમાં વિરોધ પ્રદર્શન ચાલુ

નવીદિલ્હી, તા. ૯

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન દ્વારા ભૂતપૂર્વ હેડ કોન્સ્ટેબલ અને મેઈતેઈ જૂથના સભ્ય આશારામ કાનન સિંહની ધરપકડ બાદ મણિપુરમાં વિરોધ પ્રદર્શન ચાલુ છે. પૂર્વ સીએમ બિરેન સિંહે પણ વિસ્તારમાં શાંતિ જાળવવાની અપીલ કરી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, રાજ્યમાં ૨૦૨૩માં થયેલી જાતિ હિંસામાં કથિત સંડોવણી બદલ કાનન સિંહની રવિવારે ધરપકડ કરવામાં આવી હતી. મણિપુર પોલીસે ટ્વિટર પર એક પોસ્ટમાં પુષ્ટિ આપી હતી કે ૪૬ વર્ષીય સિંહને ૩ માર્ચ, ૨૦૨૫ ના રોજ સરહદ પારથી હથિયારોની દાણચોરી સહિત ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવણી બદલ સેવામાંથી બરતરફ કરવામાં આવ્યા હતા.



૭ જૂનની સાંજે ખીણના વિવિધ વિસ્તારોમાં વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા, જેમાં ઈમ્ફાલ પશ્ચિમ, ઈમ્ફાલ પૂર્વ, થોઉબલ, વિષ્ણુપુર અને કાકચિંગ જિલ્લામાં લાદવામાં આવેલા પ્રતિબંધક આદેશોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું. ઈમ્ફાલ પૂર્વમાં, સબ-ડિવિઝનલ કલેક્ટરની ઓફિસમાં આગ લાગી હતી, જેના કારણે માળખાને આંશિક નુકસાન થયું હતું અને સત્તાવાર રેકોર્ડનો નાશ થયો હતો. વિરોધીઓએ કાદવના ઢગલા અને સળગતા ટાયરો સાથે મુખ્ય રસ્તાઓ પણ બ્લોક કરી દીધા હતા, જ્યારે મહિલા જૂથોએ રાજ્ય સરકારની તાત્કાલિક રચનાની માંગ કરી હતી. મણિપુરમાં હાલમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ છે. વધતી જતી અશાંતિ વચ્ચે, મણિપુરના ભૂતપૂર્વ મુખ્યમંત્રી એન બિરેન સિંહે રાજ્યસભા સાંસદ લીશેમ્બા સંજોબા સાથે દિલ્હી જતા પહેલા શાંતિ અને એકતા માટે હાકલ કરી. હું સંજોબા સાથે દિલ્હી જઈ રહ્યો છું જેથી કેન્દ્રીય નેતાઓને રાજ્યની પરિસ્થિતિ વિશે માહિતગાર કરી શકું. હું માતાઓ અને ભાઈઓ સહિત દરેકને અપીલ કરવા માંગુ છું કે આ રાજ્ય માટે એક મહત્વપૂર્ણ તબક્કો છે, અને દરેક વ્યક્તિએ તેમના કામ અને વાણીમાં ખૂબ કાળજી રાખવી જોઈએ.

પૂર્વ મુખ્યમંત્રી એન.બીરેન સિંહ અને રાજ્યસભા સાંસદ લીશેમ્બા સનાજાઓબા નવી દિલ્હી આવી પહોંચ્યા છે. તેઓએ જણાવ્યુ હતુ કે, હાલમાં રાજ્યમાં અંશાતિનો માહોલ પ્રસર્યો છે. જેને શાંત કરવા માટે કેન્દ્ર સરકારની મદદ જરુરી છે. તેઓએ વધુમાં કહ્યુ હતુ કે, લોકો એકતામાં વિશ્વાસ કરે. અને હિંસક પ્રદર્શનો રોકી દે. બજારો, શાળા, કોલેજો, સરકારી ઓફિસો બંધ છે. જેના કારણે જન-જીવન અસ્તવ્યસ્ત થયુ છે. લોકોને આર્થિક તંગીનો અનુભવ થઈ રહ્યો છે. તેથી આ હિંસા રોકવી ખૂબ જરુરી છે.

આ સંઘર્ષમાં ૨૫૦ થી વધુ લોકો માર્યા ગયા છે અને હજારો લોકો વિસ્થાપિત થયા છે.અરંબાઈ તેંગોલ પોતાને એક સામાજિક સંગઠન માને છે અને રાજ્યમાં તેમનો નોંધપાત્ર પ્રભાવ છે, તેમને મેઈતેઈ સમુદાયનો ટેકો છે.તણાવનો તાજેતરનો તબક્કો ૭ જૂને શરૂ થયો હતો, જ્યારે ભારતની ટોચની તપાસ એજન્સીએ સિંહ અને અરંબાઈ ટેંગોલના અન્ય ચાર નેતાઓની ધરપકડ કરી હતી અને તેમને પડોશી આસામના ગુવાહાટી શહેરમાં લઈ ગયા હતા. મણિપુરમાં હિંસા સંબંધિત કેસોની તપાસ કરી રહેલી સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) એ જણાવ્યું હતું કે ''મણિપુરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને ધ્યાનમાં રાખીને'' આ કેસોની સુનાવણી મણિપુરથી આસામના ગુવાહાટીમાં ખસેડવામાં આવી છે. ધરપકડ બાદ, અરંબાઈ ટેંગોલના સભ્યોની મુક્તિની માંગ કરી રહેલા પ્રદર્શનકારીઓએ ઈમ્ફાલના કેટલાક ભાગોમાં પોલીસ ચોકી પર હુમલો કર્યો, એક બસને આગ ચાંપી દીધી અને રસ્તાઓ બ્લોક કરી દીધા. સુરક્ષા દળોએ ટોળાને વિખેરવા માટે ટીયર ગેસના શેલ અને ગોળીઓ છોડ્યા બાદ એક ૧૩ વર્ષનો છોકરો ઘાયલ થયો હતો. રાજ્યના ધારાસભ્ય ઓકરામ સૂરજકુમારે જણાવ્યું હતું કે ધરપકડથી રાજ્યમાં અરાજકતા ફેલાઈ ગઈ છે. હિંસા બાદ, રાજ્ય સરકારે રાજ્યના પાંચ જિલ્લાઓમાં પાંચ દિવસ માટે ઈન્ટરનેટ અને મોબાઈલ ડેટા સેવાઓ સ્થગિત કરી દીધી હતી અને એક જિલ્લામાં અનિશ્ચિત સમય માટે કર્ફ્યુ લાદ્યો હતો. કેટલાક ભાગોમાં, ચાર કે તેથી વધુ લોકોના ભેગા થવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

# ભગવા પક્ષનું શાસન સરમુખત્યાર : ખડગે

## વિપક્ષ નેતા મલીકાર્જુન ખડગે ભાજપ પર આરોપ લગાવતા કહ્યું, મોદી સરકારે છેલ્લા ૧૧ વર્ષ બંધારણના દરેક પાના પર સરમુખત્યારશાહીની શાહી રંગવામાં વેડફી નાખ્યા



નવીદિલ્હી, તા. ૯

કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીના ૧૧ વર્ષ પૂર્ણ થવા પર, કોંગ્રેસે કેન્દ્ર સરકારની 'ખામીઓ' દર્શાવવાની તક ગુમાવી દીધી. રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ ભાજપ અને આરએસએસ પર બંધારણીય સંસ્થાઓને નબળી પાડવાનો આરોપ લગાવ્યો અને ભગવા પક્ષના શાસનને ''સરમુખત્યારશાહી'' ગણાવ્યું. ખડગેએ કહ્યું કે, મોદી સરકારે છેલ્લા ૧૧ વર્ષ બંધારણના દરેક પાના પર સરમુખત્યારશાહીની શાહી રંગવામાં વેડફી નાખ્યા છે.


ભાજપ-આરએસએસે દરેક બંધારણીય સંસ્થાને નબળી પાડી અને તેમની સ્વાયત્તતા પર હુમલો કર્યો. પછી ભલે તે જાહેર અભિપ્રાય ચોરીને પાછળના દરવાજેથી સરકારો ઉથલાવી દેવાની હોય કે પછી બળજબરીથી એકપક્ષીય સરમુખત્યારશાહી લાદવાની હોય. આ સમયગાળા દરમિયાન રાજ્યોના અધિકારોની અવગણના કરવામાં આવી અને સંઘીય માળખું નબળું પડી ગયું. સમાજમાં નફરત, ધમકીઓ અને ભય ફેલાવવાના સતત પ્રયાસો થઈ રહ્યા છે. દલિતો, આદિવાસીઓ, પછાત વર્ગો, લઘુમતીઓ અને નબળા વર્ગોનું શોષણ સતત વધ્યું છે. તેમને અનામત અને સમાન અધિકારોથી વંચિત રાખવાનું કાવતરું ચાલુ છે. મણિપુરમાં સતત હિંસા ભાજપની વહીવટી નિષ્ફળતાનો સૌથી મોટો પુરાવો છે. ભાજપ-આરએસએસે દેશના જીડીપી વૃદ્ધિ દરને ૫-૬% ની આદત બનાવી દીધો, જે યુપીએ શાસન દરમિયાન સરેરાશ ૮% હતો. દર વર્ષે ૨ કરોડ નોકરીઓના વચનને બદલે, યુવાનો પાસેથી કરોડો નોકરીઓ છીનવી લેવામાં આવી. ફુગાવાના કારણે, જાહેર બચત ૫૦ વર્ષમાં સૌથી નીચી સપાટીએ છે અને આર્થિક અસમાનતા ૧૦૦ વર્ષમાં સૌથી વધુ છે.

### હવે ફક્ત સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ ઉત્પાદન માટે બનાવવામાં આવેલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન માટે ઓછામાં ઓછા ૧૦ હેક્ટર જમીન વિસ્તારની જરૂર પડશે

# સેમિકન્ડક્ટર માટે સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના નિયમોમાં સુધારો

નવીદિલ્હી, તા. ૯

ભારત સરકારે સોમવારે સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક ઘટકોના ઉત્પાદનને વેગ આપવા માટે સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના નિયમોમાં મોટા સુધારાની જાહેરાત કરી. આ સુધારાઓ ૩ જૂન, ૨૦૨૫ ના રોજ વાણિજ્ય વિભાગ દ્વારા સૂચિત કરવામાં આવ્યા હતા. એ નોંધનીય છે કે આ ક્ષેત્રો ખૂબ જ મૂડી-સઘન, આયાત-આધારિત છે અને લાંબા ગાળાના નફા પૂરા પાડે છે, તેથી આ નિયમોમાં ફેરફાર રોકાણકારોને વધુ સારી તકો અને રાહત આપશે. સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના નિયમો હેઠળ, હવે ફક્ત સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ ઉત્પાદન માટે બનાવવામાં આવેલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન માટે ઓછામાં ઓછા ૧૦ હેક્ટર જમીન વિસ્તારની જરૂર પડશે, જ્યારે અગાઉ આ મર્યાદા ૫૦ હેક્ટર હતી. આ ઉપરાંત, જો જમીન કેન્દ્ર અથવા રાજ્ય સરકાર અથવા તેમની કોઈપણ અધિકૃત એજન્સીઓને ગીરો અથવા ભાડે આપવામાં આવી હોય, તો



તેનો ઉપયોગ હવે 'બોજામુક્ત' જાહેર કર્યા વિના ખાસ આર્થિક ક્ષેત્ર માટે કરી શકાય છે. આ નિયમ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન રૂલ્સ, ૨૦૦૬ ના નિયમ ૫ અને નિયમ ૭ માં સુધારા દ્વારા રજૂ કરવામાં આવ્યો છે.

નિયમ ૫૩ માં પણ સુધારો કરવામાં આવ્યો છે, જે હેઠળ હવે મફતમાં પ્રાપ્ત અથવા મોકલવામાં આવેલા માલનું મૂલ્ય પણ ગણતરીમાં ઉમેરવામાં આવશે અને આ માટે લાગુ કસ્ટમ મૂલ્યાંકન નિયમોનું પાલન કરવામાં આવશે. ઉપરાંત, નિયમ ૧૮ માં સુધારા મુજબ, સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન એકમો હવે સ્થાનિક બજારમાં પણ તેમના ઉત્પાદનો વેચી શકશે, જો તેઓ નિર્ધારિત કર ચૂકવે.


આ સુધારાઓ ભારતમાં હાઈ-ટેક ઉત્પાદનને વેગ આપશે, સેમિકન્ડક્ટર ઉત્પાદન ઈકોસિસ્ટમને મજબૂત બનાવશે અને દેશમાં ઉચ્ચ-કુશળ રોજગારની તકોનું સર્જન કરશે. સુધારા અમલમાં આવ્યા પછી, સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના મંજૂરી બોર્ડે બે મોટી કંપનીઓને મંજૂરી આપી છે. માઈક્રોન સેમિકન્ડક્ટર ટેકનોલોજી ઈન્ડિયા પ્રા. લિમિટેડ ગુજરાતના સાણંદ ખાતે ૩૭.૬૪ હેક્ટર જમીન પર સેમિકન્ડક્ટર ઉત્પાદન માટે એક સ્પેશિયલ ઈકોનોમિક ઝોન સ્થાપશે, જેમાં લગભગ ₹૧૩,૦૦૦ કરોડનું રોકાણ થશે. તે જ સમયે, એક્વ્સ ગ્રુપની હુબલી ડ્યુરેબલ ગુડ્સ ક્લસ્ટર પ્રાઈવેટ લિમિટેડ કર્ણાટકના ધારવાડમાં ૧૧.૫૫ હેક્ટર જમીન પર ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ ઉત્પાદન માટે એક સ્પેશિયલ ઈકોનોમિક ઝોન વિકસાવશે, જેનો અંદાજિત રોકાણ ₹૧૦૦ કરોડ થશે.

# મુંબઈ લોકલ ટ્રેન દુર્ઘટના : ૫ મોત

## મુંબઈ ઉપનગરીય વિસ્તારમાં નિર્માણાધીન રેલવે સ્ટેશનોમાં ઓટોમેટિક દરવાજા બંધ કરવાની સુવિધા ફરજિયાતપણે ઉમેરાશે

નવીદિલ્હી, તા. ૯


સોમવારે સવારે મુંબઈ લોકલ ટ્રેનમાં એક દુઃખદ અકસ્માત થયો. આ અકસ્માત મુંબઈના દિવા અને મુમ્બ્રા સ્ટેશનો વચ્ચે થયો હતો. અહીં ભીડ વધારે હોવાને કારણે લોકલ ટ્રેનમાંથી પડી જવાથી પાંચ મુસાફરોના મોત થયા હતા. અકસ્માત સમયે ટ્રેનમાં ખૂબ જ ભીડ હતી અને ઘણા મુસાફરો દરવાજા પર લટકીને મુસાફરી કરી રહ્યા હતા. આ અકસ્માત પછી તરત જ, રેલ્વે બોર્ડે આ બાબતને ગંભીરતાથી લીધી અને મુસાફરોની સુરક્ષા માટે કડક પગલાં લીધાં. રેલવે બોર્ડ દ્વારા જારી કરાયેલા નિર્દેશો અનુસાર, હવેથી, મુંબઈ ઉપનગરીય વિસ્તારમાં નિર્માણાધીન તમામ રેલવે સ્ટેશનોમાં ઓટોમેટિક દરવાજા બંધ કરવાની સુવિધા ફરજિયાતપણે ઉમેરવામાં આવશે. આનો હેતુ એ છે કે ચાલતી





ટ્રેનના દરવાજા ખુલ્લા ન રહે અને કોઈ મુસાફર લટકીને મુસાફરી ન કરે.

આ સાથે, હાલમાં સેવામાં રહેલા તમામ કોચને પણ ફરીથી ડિઝાઈન કરવામાં આવશે. આ ટ્રેનોમાં ઓટોમેટિક ડોર ક્લોઝિંગ સિસ્ટમ પણ ઈન્સ્ટોલ કરવામાં આવશે જેથી સુરક્ષા વધુ કડક બનાવી શકાય. પ્રાથમિક માહિતી મુજબ, અકસ્માતમાં ૮ લોકો ટ્રેનમાંથી પડી ગયા હતા, જેમાંથી પાંચના ઘટનાસ્થળે જ મોત થયા હતા જ્યારે બાકીના ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માત બાદ ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા હતા. મધ્ય રેલવેના જણાવ્યા અનુસાર, કેટલાક મુસાફરો ઈજીખઝ તરફ મુસાફરી કરી રહ્યા હતા ત્યારે થાણેના મુમ્બ્રા રેલ્વે સ્ટેશન પર ટ્રેનમાંથી પડી ગયા. મુસાફરોના પડી જવાનું કારણ વધુ પડતી ભીડ હોવાનું કહેવામાં આવી રહ્યું છે. આ ઘટનાની માહિતી મળતાં જ રેલ્વે પ્રશાસન અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. આ કેસની તપાસ ચાલી રહી છે. આ ઘટનાથી સ્થાનિક સેવાઓ પ્રભાવિત થઈ છે.



### નહિ જેવી વાતે લોહીનો તરસ્તો બની જતો માનવીઃ હત્યાની વધુ બે ઘટના

# વાડીમાં ઘુસવા મામલે લોથ ઢળીઃ આધેડનું ગળુ ઘોટ્યું

## બહેનની નજર સામે જ ઘટનાથી અરેરાટીઃ બીજી ઘટનામાં શંકાશીલ પતિએ પત્નિને ગળુ દબાવી મોતને ઘાટ ઉતારીઃ પત્નિ બીજા સાથે વાત કરતી હોવાની શંકા હતીઃ પોલીસે દબોચી લીધો

રાજકોટ તા. ૯

નાની મોટી વાતે ઝઘડા થતાં જ રહેતાં હોય છે. રોજબરોજ આ પ્રકારની ઘટનાઓ પોલીસ ચોપડે ચડતી હોય છે. પરંતુ નહિ જેવી વાતે હત્યાની ઘટના બની જાય તો કોઇ પરિવારનો આધાર છીનવાઇ જતો હોય છે. આવી જ એક હત્યાની ઘટના સામે આવી છે જેમાં વાડીમાં આવવા બાબતે બોલાચાલી થતાં એક યુવાનને તેની બહેનની નજર સામે જ ગળુ દબાવી મોતને ઘાટ ઉતારી દેવાયો હતો. હત્યારાએ મૃતકની બહેન અને તેના બાળકોને પણ મારી નાખવાની ધમકી આપી હતી. હત્યાની બીજી ઘટનામાં શંકાશીલ પતિએ પત્નિની હત્યા કરી હતી.

વિગતો પર નજર કરીએ તો હત્યાની આ ઘટના ભાવનગર જિલ્લાના તળાજાના ભારોલી ગામમાં બની છે. ભાવનગર શહેર અને જિલ્લામાં કાયદો અન્વયેવસ્થા ખાડે ગયા હોવાના બનાવો રોજિંદા બની રહ્યા છે. શહેર અને જિલ્લામાં અગિયાર દિવસમાં આજે હત્યાનો પાંચમો બનાવ નોંધાયો હતો. આ બનાવની વિગત એવી છે કે ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના ભારોલી ગામે ઘેલુભા અજુભાની વાડીમાં ખેતમજુરી કામ કરી પોતાના ત્રણ બાળકો સાથે રહેતા ચેતનાબેન ભુથાભાઈ પરમાર ગત તા.૩ના રોજ વાડીએ હતા ત્યારે તેમના કૌટુંબિક ભાઈ અશોક ઉર્ફે પીન્ટુ ચીથરભાઈ પરમાર દારૂ પીને આવ્યો હતો અને રાંધવાનું બનાવવા કહ્યું હતું. આ દરમિયાન આ જ ગામના લખધીરસિંહ ઉર્ફે લઘરો રમજુભા ગોહિલ તેમના ઝુંપડે આવ્યો હતો જયાં અશોકે લખધીરસિંહને અહીંયા વાડીએ શા માટે આવ્યા છો? તેમ કહેતા બન્ને વચ્ચે બોલાચાલી થઈ હતી.

બન્ને વચ્ચે ઝઘડોનો ઝઘડો વધતાં લખધીરસિંહે અશોકને આડેધડ પાટા મારી ગળું દબાવી દીધું હતું. જે દરમિયાન તેમના બહેન ચેતનાબેને બુમો મારતા લખધીરસિંહે અશોકભાઈને છોડી દીધા બાદ ચેતનાબેને તેને પાણી પિવડાવ્યા બાદ ઉભા નહી થતાં લખધીરસિંહે જણાવ્યું કે, દારૂ પિધો છે હમણાં ઉભો થઈને જતો રહેશે અને આ વાત કોઈને કરી છે તો તને તથા તારા બાળકોને મારી નાખીશ તેવી ધમકી આપી જતાં રહ્યાં હતા. જો કે બીજા




દિવસની સવાર સુધી અશોક ઉભો નહી થતાં તેમના બહેને ઈમર્જન્સી ૧૦૮ મારફત ગંભીર હાલતે ભાવનગરની સર ટી.હોસ્પિટલમાં સારવાર માટે ખસેડયો હતો.જ્યાં તેમનું મોત નિપજતાં બનાવ હત્યામાં પરિણમ્યો હતો. બનાવ અંગે ચેતનાબેન ભુથાભાઈ પરમારે તળાજા પોલીસ મથકમાં લખધીરસિંહ ઉર્ફે લઘરો રમજુભા ગોહિલ વિરૂદ્ધ તેમના ભાઈની ગળું દબાવી હત્યા કર્યાની ફરિયાદ નોંધાવી હતી.

હત્યાનો બીજો બનાવ અમરેલીના વાંકીયા ગામે બન્યો છે. પતિને પત્નિના આડા સંબંધની શંકા હોઇ અને પત્નિ બીજા યુવક સાથે વાત કરતી હોવાનો સતત વહેમ હોય પતિએ મધરાતે પત્નિનુ ગળુ દબાવી હત્યા કરી નાખી હતી. વાંકીયા ગામની સીમમા અલ્પેશભાઇ લાલજીભાઇ સાવલીયાની વાડીમા બની હતી. મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાનો સંજય અનેસિંગભાઇ મોહનીયા નામનો યુવાન પોતાની પત્ની અને એક સંતાન સાથે અલ્પેશભાઇની વાડીમા રહી ખેત મજુરીનુ કામ કરે છે. વહેલી સવારે પત્ની અન્ય યુવક સાથે વાત કરતી હોવાના વહેમમા બંને વચ્ચે ઝઘડો થયો હતો જેને પગલે સંજયે તેની પત્નિ વીસ વર્ષની રેખાનુ ગળુ દબાવી દીધુ હતુ. આક્રોશમા ગળુ દબાવી દેતા પત્નિનુ ઘટના સ્થળે જ મોત થયુ હતુ. પત્નીની હત્યા કર્યા બાદ સંજયે પોતાના વતનમા સસરા મંગલીયા લચ્છુભાઇ વસુનીયાને ફોન કર્યો હતો અને તમારી છોકરી કોઇ બીજા છોકરા સાથે વાત કરતી હતી એટલે મે તમારી છોકરીને મારી નાખી છે તેમ જણાવ્યુ હતુ.

બીજી તરફ ઘટનાની જાણ થતા સવારે અમરેલી તાલુકા પોલીસ વાંકીયાની સીમમા બનાવના સ્થળે દોડી ગઇ હતી. જયાં રેખાની લાશ પડી હતી. રેખાની લાશને પીએમ માટે પ્રથમ અમરેલી સિવીલમા અને બાદમા ફોરેન્સિક પીએમ માટે ભાવનગર હોસ્પિટલમા ખસેડવામા આવી હતી. બનાવની જાણ થતા યુવતીના પિતા મંગલીયાભાઇ વસુનીયા વતનમાથી અમરેલી દોડી આવ્યા હતા અને પોતાના જમાઇ સંજય મોહનીયા સામે હત્યાની ફરિયાદ નોંધાવી હતી. સમગ્ર બનાવ કઇ રીતે બન્યો તે જાણવા પોલીસે સંજયની પુછપરછ શરૂ કરી હતી. મંગલીયાભાઇની સૌથી મોટી પુત્રી રેખા વીસ વર્ષની હતી અને દોઢ વર્ષ પહેલા તેણે બાજુના ગામના સંજય મોહનીયા સાથે પ્રેમલગ્ન કર્યા હતા. પરંતુ ચારિત્ર્યની શંકામા પતિએ તેની હત્યા કરી નાખી હતી. આ ઘટનાથી સાત મહિનાનો પુત્ર મા વિહોણો થઇ ગયો હતો.

# રાજ્યના ૩૩ ડેપો ખાતે 'ઓટોમેટીક વ્હીકલ વોશિંગ મશીન' ઈન્સ્ટોલ

### ટૂંક જ સમયમાં અન્ય ૪૭ ડેપો ખાતે થશે ઈન્સ્ટોલ : કુલ ૮૦ ડેપોમાં રૂ. ૧૧.૮૦ કરોડથી વધુનો ખર્ચ : માત્ર ૫ મિનીટથી પણ ઓછા સમયમાં મીની બસ, સ્લીપર, એક્સપ્રેસ,વોલ્વો સહિતની બસોની થાય છે સફાઈ

અમદાવાદ, તા. ૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરુ થયેલા સ્વચ્છ ભારત અભિયાનના પરિણામે આજે દેશના નાગરીકો સ્વચ્છતા પ્રત્યે વધુ જાગૃત બન્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશ હેઠળ રાજ્યના જાહેર સ્થળોને પણ સ્વચ્છ રાખવા માટેના અનેકવિધ નવતર પ્રયાસો થઇ રહ્યા છે. તેવો જ એક અનોખો નવતર પ્રયાસ વાહન વ્યવહાર રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્ય વાહન વ્યાવ્હાર નિગમ દ્વારા હાથ ધરવામાં આવ્યો છે. એસ. ટી. નિગમ રાજ્યના નાગરિકોને માત્ર સલામત સવારી જ નહિ, પરંતુ સ્વચ્છ સવારી પણ પૂરી પાડી રહ્યું છે.

બસ હોય કે રેલવે, નાગરીકોને હરહંમેશ યાતાયાત દરમિયાન સ્વચ્છતા અતિપ્રિય હોય છે. આજે એસ. ટી. નિગમ દ્વારા ડેપો ઉપરાંત બસની સ્વચ્છતાને પણ એટલું જ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. સ્વચ્છતા કર્મીઓ ડેપો અને બસ સ્ટેશનને સ્વચ્છ રાખી રહ્યા છે. તેવી જ રીતે, બસોને અંદર-બહારથી સ્વચ્છ રાખવા માટે એસ. ટી. નિગમ દ્વારા રાજ્યના ૩૩ ડેપોમાં 'ઓટોમેટીક વ્હીકલ વોશિંગ મશીન' કાર્યરત કરવામાં આવ્યા છે.




આ મશીનના માધ્યમથી સ્લીપર, એક્સપ્રેસ, વોલ્વો તેમજ મીની બસ સહિતની તમામ બસોની સફાઈ કરવામાં આવી રહી છે.

દિવસ-રાત દોડતી એસ.ટી. બસની સ્વચ્છતાને ધ્યાને લઈને નિગમ દ્વારા ગાંધીનગર, અમદાવાદ, સાણંદ, આણંદ, કપડવંજ, નડિયાદ, બોરસદ, ડાકોર, ખંભાત, રાજકોટ, ગોંડલ, વાંકાનેર, મોરબી, થરાદ, ડીસા, સિદ્ધપુર, રાધનપુર, દિયોદર, મહેસાણા, પાટણ, કડી, ઊંઝા, વડનગર, કલોલ, દ્વારકા, ભુજ, માંડવી, અંજાર, નખત્રાણા, ભાવનગર, પાલીતાણા, મહુવા અને બોટાદ મળીને કુલ ૩૩ ડેપોમાં 'ઓટોમેટીક વ્હીકલ વોશિંગ મશીન' કાર્યરત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત નવા ૦૭ મશીન ખંભાળિયા, વલસાડ, હિંમતનગર, ગોધરા, વડોદરા (પાણીગેટ), દાહોદ અને ઉધના ડેપો ખાતે ટૂંક સમયમાં જ કાર્યરત કરવામાં આવશે.

આગામી સમયમાં અમરેલી, બગસરા, કોડીનાર, સાવરકુંડલા, ઉના, ડભોઈ, છોટાઉદેપુર, પાદરા, બોડેલી, અંકલેશ્વર, ભરૂચ, જંબુસર, રાજપીપળા, બારીયા, હાલોલ, લુણાવાડા, સંતરામપુર, ઝાલોદ, બાયડ, ભિલોડા, ઇડર, ખેડબ્રહ્મા, માણસા, મોડાસા, જેતપુર, જૂનાગઢ, કેશોદ, માંગરોળ, પોરબંદર, વેરાવળ, વિજાપુર, બાલાસિનોર, બારડોલી, માંડવી (સુરત), સોનગઢ, સુરત (સીટી), બીલીમોરા, ધરમપુર, નવસરી અને વાપી મળીને કુલ ૪૦ ડેપો ખાતે પણ ઓટોમેટીક વ્હીકલ વોશિંગ મશીન કાર્યરત કરવાનું નિગમનું આયોજન છે.

અત્રે ઉલેખ્ખનીય છે કે, ગુજરાત એસ.ટી નિગમે હરહંમેશ નાગરિકોની મુસાફરી તેમજ સ્વચ્છતાને પ્રાથમિકતા આપી છે. જેના ભાગરૂપે નિગમે રૂ. ૧૪ લાખથી વધુની કિંમત ધરાવતા ૮૦ 'ઓટોમેટીક વ્હીકલ વોશિંગ મશીન' રૂ. ૧૧.૮૦ કરોડના ખર્ચે ખરીદી કરી ડેપોમાં ઇન્સ્ટોલ કરવામાં આવી રહ્યા છે. 'ઓટોમેટીક વ્હીકલ વોશિંગ મશીન' દ્વારા બસના આગળનો ભાગ, બંને સાઈડ તેમજ પાછળના ભાગમાં ફક્ત ૫ થી ૭ મિનીટમાં સફાઈ થઈ જાય છે અને મુસાફરોને સ્વચ્છ મુસાફરીનો લાભ મળે છે.

### ૭૭૨ દર્દીઓના બેંક ખાતામાં કુલ ૩૪.૨૯ લાખ જમા : ૧૧૯૨ પોષણ કિટનું વિતરણ

# રાજકોટ ગ્રામ્યમાં ટી.બી. નિર્મૂલન ઝુંબેશ હેઠળ ૩૫૬ કેસ ડિટેક્ટ

રાજકોટ, તા . ૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૮માં આરંભ કરેલા ''ક્ષય નિમૂર્લન કાર્યક્રમ'' અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા સરાહનીય કામગીરી કરાઈ રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૧૫ની સાપેક્ષે વર્ષ ૨૦૨૩માં નવા દર્દી ઓના રજીસ્ટ્રેશનમાં ૩૪% અને મૃત્યુદરમાં ૩૭%નો નોંધપાત્ર ઘટાડો થયો છે. જેને બિરદાવતા કેન્દ્ર સરકારે ગુજરાત રાજ્યને 'સ્ટેટ્સ વીથ મોસ્ટ ઈમ્પ્રુવમેન્ટ' શ્રેણીમાં પ્રથમ ક્રમાંકે રાખ્યું છે. રાજકોટ જિલ્લા ક્ષય નિવારણ કેન્દ્ર ટી.બી. (ટ્યુબરક્યુલોસીસ)ના દર્દીઓની શ્રેષ્ઠત્તમ સારવાર અર્થે સતત પ્રયત્ન શીલ છે.

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સમગ્ર ભારતને ક્ષયમુક્ત બનાવવાના નિર્ધારને પૂર્ણ કરવાના આશયથી ગત તા. ૦૭ ડીસેમ્બર, ૨૦૨૪થી ગત તા. ૩૦ એપ્રિલ, ૨૦૨૫ સુધી સઘન ટી.બી. નિર્મૂલન ઝુંબેશ ચલાવાઈ હતી. જે અન્વયે રાજકોટ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી આર. આર. ફૂલમાળીના માર્ગદર્શન હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં ક્ષય નિર્મૂલન ઝુંબેશ હેઠળ ૧૪૫ દિવસમાં ૧,૫૨,૬૦૩ હાઇ રિસ્ક લોકોનું સ્ક્રીનીંગ કરાયું હતું,



જે પૈકી ૫૧,૮૪૨ લોકોના ફેફસાંનો એક્સ-રે કરાયો હતો, જ્યારે ૨૦,૨૪૪ લોકોના ગળફાંની તપાસ કરાઈ હતી. જે પૈકી ૩૫૬ લોકોને ક્ષય હોવાનું નિદાન થતાં હાલમાં તેઓ સારવાર લઈ રહ્યાં છે.

ભારત સરકાર દ્વારા ટી. બી.ના દર્દીઓને પોષણયુક્ત આહાર ઉપલબ્ધ કરાવવા નિક્ષય પોષણ યોજના હેઠળ દર મહિને રૂ. ૧૦૦૦ની સહાય ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર થકી દર્દીના ખાતામાં જમા કરવામાં આવે છે. રાજકોટ જિલ્લા ક્ષય નિવારણ કેન્દ્ર હેઠળ સારવાર લેતાં ૭૭૨ દર્દીઓને ગત તા. ૦૭ ડિસેમ્બર, ૨૦૨૪થી ગત તા. ૩૦ એપ્રિલ, ૨૦૨૫ સુધીમાં કુલ રૂ. ૩૪,૨૯,૦૦૦ની સહાય અપાઈ હતી.

રાજકોટ જિલ્લા ક્ષય અધિકારી ડો. ઘનશ્યામ મહેતાના માર્ગદર્શન મુજબ ગ્રામ્ય વિસ્તારમાં 'પ્રધાનમંત્રી ક્ષયમુક્ત ભારત અભિયાન' હેઠળ નિક્ષય મિત્ર (દાતાઓ)ના સહયોગથી ગત તા. ૦૭ ડિસેમ્બર, ૨૦૨૪થી ગત તા. ૩૦ એપ્રિલ, ૨૦૨૫ સુધીમાં ટી.બી. દર્દીઓને પોષણયુક્ત આહાર ઉપલબ્ધ કરાવવા કુલ ૧૧૯૨ પોષણ કિટનું વિતરણ કરાયું હતું. ઉલ્લેખનીય છે કે પોષણ કીટમાં અનાજ, કઠોળ, દાળ, દૂધ સહિતના પૌષ્ટિક પદાર્થોનો સમાવેશ કરાય છે.

કેન્દ્ર સરકાર દ્વારા ટી.બી.ના દર્દી ઓને સ્વસ્થ કરવા અને ક્ષયથી થતાં મૃત્યુને ઘટાડવાના હેતુસર પ્રોટોકોલ તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં ટી. બી. નિદાનના તમામ તબક્કામાં દર્દી ઓને અતિજોખમી (હાઇ રિસ્ક) અને ઓછા જોખમી (લો રિસ્ક)ની શ્રેણીમાં વિભાજીત કરાય છે. અતિજોખમી ક્ષયના દર્દીઓની સારવાર માટે સબ ડિસ્ટ્રીક્ટથી મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ સુધી ગુણવત્તા ધરાવતી સારવાર ઉપલબ્ધ કરાવાય છે. દવા શરૂ થવાના ૧૫ દિવસ બાદ અને ત્યારબાદ ૦૨ મહિના પછી સમગ્ર સ્થિતિનું મુલ્યાંકન કરાય છે. ૦૬ મહિનાની દવાનો કોર્સ પૂર્ણ થયા બાદ દર્દીની ટ્રુનેટથી બલગમના ટેસ્ટ સાથે એક્સ-રે આધારિત મૂલ્યાંકન પણ કરાય છે.

આમ, રાજ્યના નાગરિકોના આરોગ્યની જાળવણી માટે ગુજરાત સરકાર દ્વારા અનેકવિધ પગલાંઓ લેવામાં આવી રહ્યાં છે.

### ફ્રોડની ઘટનાઓ અટકવાનું નામ લેતી નથીઃ વધુ બે ગઠીયાગીરી સામે આવી

# કેનેડા જવા ઈચ્છુક મહિલાને લાગ્યો ૨૮ લાખનો ચૂનો

## બીજા બનાવમાં ખોટા દસ્તાવેજો ઉભા કરી ખાનગી બેંકમાંથી લોન લઇ છેલ્લે અડધા કરોડનો ધૂંબો મારી દેવાયો

રાજકોટ તા. ૯

વિદેશના વર્ક પરમીટ વિઝાના નામે ફ્રોડની ઘટનાઓમાં અનેક લોકો શિકાર બની ગયા છે અને હજુ પણ બની રહ્યા છે. આ પ્રકારની ઘટનાઓ રોજીંદી હોવા છતાં લોકો જાગૃત થતાં ન હોવાથી છેતરાઇ રહ્યા છે. એક મહિલા આ વખતે ગઠીયાગીરીનો ભોગ બન્યા છે. યુકેના વિઝાના નામે આ મહિલા સાથે સાડા અઠ્ઠાવીસ લાખની ઠગાઇ થઇ છે. બીજા એક બનાવમાં બોગસ દસ્તાવેજો રજૂ કરી બેંકમાંથી અધધધ સવા પાંચ કરોડથી વધુની બે લોન મેળવી લઇ બાદમાં અડધા કરોડ જેવી રકમ નહિ ચુકવી બેંકને ચૂનો લગાડી દેવાયો છે.

ફ્રોડની પ્રથમ ઘટના જોઇએ તો આણંદ પાસેના વિદ્યાનગરની જનતા ચોકડી નજીક આવેલા કોમ્પ્લેક્સમાં કાર્યરત વિઝા ઓફિસની મહિલા સંચાલકે પોતાની બહેનપણીને યુકેના વર્ક પરમિટ વિઝા અપાવવાની લાલચ આપી રૂપિયા ૨૮.૫૦ લાખની છેતરપિંડી આચરી હતી. આ અંગે વિદ્યાનગર પોલીસ મથકે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આણંદ જિલ્લાના વાસદ ખાતે રહેતા દિશાબેન અલ્પેશભાઈ ઠાકોરને યુકેના વિઝા જોઈતા હોવાથી વિદ્યાનગરની જનતા ચોકડી નજીક વશિ વાણિજ્ય કોમ્પલેક્ષમાં શિવ્યમ ઈમિગ્રેશન નામની ઓફિસ ખોલી વિઝા કન્સલ્ટન્સીનું કામ કરતી પોતાની બહેનપણી શિવાંગનાબેન ગીરીશભાઈ ભટ્ટ રહે. કરમસદનો સંપર્ક કર્યો હતો.

જ્યાં શિવાંગનાબેને વર્ક પરમીટ વિઝા માટે રૂપિયા ૨૭ લાખ જેવો ખર્ચ થશે તેમ કહી રૂપિયા પાંચ લાખ એડવાન્સ આપવા પડશે તેમ કહ્યું હતું. દિશાબેને સંમતિ દર્શાવતા જરૂરી દસ્તાવેજો તથા રોકડા રૂપિયા પાંચ લાખ શિવાંગનાબેનને આપ્યા હતા. ત્યારબાદ લગભગ બે માસ પછી ક્રોસ લેટર મેળવવા માટે શિવાંગનાબેને પૈસાની માંગણી કરતા વધુ બે લાખ ચૂકવ્યા હતા. બાદમાં ક્રોસ લેટર આવી ગયો છે બીજા નાણા આપવા પડશે તેમ કહેતા દિશાબેને ક્રોસ લેટર બતાવવાનું કહેતા પૈસાના કારણે કામ અટક્યું હોવાનું જણાવતા દિશાબેને વધુ ત્રણ લાખ રૂપિયા રોકડા અને બીજા રૂપિયા ૧૫ લાખ મળી કુલ રૂપિયા ૨૮.૫૦ લાખ આપ્યા હતા.

જો કે આમ છતાં તેઓને યુકેના વર્ક પરમિટ વિઝા મળ્યા ન હતા જેથી આ અંગે તપાસ કરતા




શિવાંગનાબેને બીજા દેશમાં મોકલી આપવાનું કહી કેનેડાની ફાઈલ મૂકી હતી પરંતુ, તે પણ રિજેક્ટ થઈ હતી જેથી દિશાબેને નાણાની પરત માંગણી કરતા શિવાંગનાબેને નાણાં પરત આપ્યા ન હતા. આખરે દિશાબેન ઠાકરે વિદ્યાનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે શિવાંગનાબેન ભટ્ટ વિરુદ્ધ વિશ્વાસઘાત તથા છેતરપિંડીનો ગુનો દાખલ કરાવતાં પોલીસે તપાસ આરંભી હતી.

ઠગાઇની બીજી ઘટનામાં નડિયાદ શહેરમાં ગીરવે મૂકેલી મિલકતના ખોટા દસ્તાવેજો બનાવી ખાનગી ફાઈનાન્સ કંપનીમાંથી રૂા. ૫.૩૧ કરોડની બે લોન લીધી હતી. બાદમાં રૂા. ૪૯.૧૭ લાખ નહીં ભરી છેતરપિંડી આચરી હતી. આ અંગે ફાઈનાન્સ કંપનીના કર્મચારીઓ, અરજદાર, ગીરવે મુકેલ મિલકતના ભાગીદારો સહિત ૭ શખ્સો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવામા આવી છે. નડિયાદ શહેરમાં એસઆરપી કેમ્પ સામે વિજયલક્ષ્મી સોસાયટીમાં રહેતા અને બજાજ ફાઈનાન્સના આરસીયુ મેનેજર નિમેષ ચૌહાણે નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે નવા રાવપુરાના તરુણકુમાર નિરૂભાઇ બારોટ લોન માટે બજાજ ફાયનાન્સ કંપનીના એજન્ટ સંજીવ.ડી. બ્રહ્મણેને મળ્યા હતા. લોન લેવા વ્યવસાયના પુરાવા તરીકે આત્મીય પેટ્રોલપંપ નડિયાદના કાગળો રજુ કરેલા હતા.

જેમા ભાગીદાર તરીકે હર્ષલ ટીકેન્દ્ર બારોટ રહે. નડિયાદ તેમજ સહ ભાગીદાર રૂચિત કૃષ્ણકાંત દેસાઈ રહે. નડિયાદના નામ દર્શાવેલા હતા. ગીરવે મુકેલી મિકલત નંબર-૧માં મુની વોર્ડ નં.૬, નવા રાવપુરા, નડિયાદના બે મકાનોના કાગળો રજુ કરેલા હતા. જે મિકલતમાં તરુણકુમાર નિરૂભાઇ બારોટ (રહે-નવા રાવપુરા, નડિયાદ), ટીકેન્દ્રકુમાર નિરૂભાઈ બારોટ (રહે. નવા રાવપુરા નડિયાદ), કલ્પેશભાઈ નિરૂભાઈ બારોટ (રહે. નવા રાવપુરા, નડિયાદ) અને જશુમતિબેન નિરૂભાઈ બારોટ (રહે. નવા રાવપુરા, નડિયાદ) ભાગીરદાર તરીકે દર્શાવેલા હતા. લોન માટેની અરજી ઔપચારિક રીતે રજૂ કરેલી હતી. તમામ દસ્તાવેજના આધારે ફાઈનાન્સ કંપનીએ રૂપિયા ૧૯,૩૯,૭૪૧ની લોન ૨૮,૯૬૨ના માસિક હપ્તે મંજુર કરી હતી. જેમાંથી ૧૮ હપ્તા ભર્યા બાદ ૧૭,૮૨,૭૦૭ની લોન બાકી પડતી હતી.

ઉપરાંત બીજી લોન માટે નડિયાદના જશોદા એપાર્ટમેન્ટના પાંચમા માળના લેટના કાગળો રજુ કરી ઔપ્ચારિક અરજી કરી હતી. જેના આધારે ૩૩,૭૪,૦૯૪ લોન ૫૦,૩૭૯ના માસિક હપ્તે લીધી હતી. લોનના ૧૬ હપ્તા ભર્યા બાદ ૩૧,૩૩,૯૫૭ રૂપિયા બાકી નીકળે છે. બંને લોનના મળીને ૪૯,૧૬,૬૬૪ બાકી પડે છે. આ અંગે તપાસ કરતા લોન લેવા માટે રજૂ કરેલા દસ્તાવેજો બોગસ રજૂ કર્યા હોવાનું ખુલ્યું હતું. ફાઈનાન્સ કંપનીના ત્રણ કર્મચારીઓની ગંભીર બેદરકારી કે મેળા પીપણાની શક્યતાના પગલે લોન લેનાર અરજદાર અને ગીરે મુકેલ મિલકતના ભાગીદારો, બજાજ ફાઈનાન્સ કંપનીના કર્મચારીઓ સહિત ૭ સામે ફરિયાદ નોંધાવી હતી.

# મનપાની ઢીલી નીતિથી વિદ્યાનગર રોડ પર થયો સરેઆમ નિયમ ભંગ

## ક્યા આધારે બ્રિજ બનાવવા માટે આપી પરવાનગી : જવાબ ન મળતાં કોંગી આગેવાન લેશે હાઈકોર્ટનો સહારો





રાજકોટ, તા. ૯

રાજકોટ મહાનગરપાલિકા પર અનેકવિધ પ્રશ્નો ઉઠી રહ્યા છે કારણ કે તેમની જે કામગીરી છે તે ઘણાખરા અંશે મગજમાં ન બેસે તેવી છે જેમાં નાના માણસોને હેરાનગતિ અને મોટા અને વાલા લોકો ને કોઈ જ તકલીફ ના પડે તેવી કામગીરી કરતા હોવાનું હાલ જાણકાર વર્તુળો જણાવી રહ્યા છે. ગોકુલ હોસ્પિટલમાં જે બ્રિજ બનાવી દેવામાં આવ્યો તેના માટે જનરલ બોર્ડમાં આપોઆપ ઠરાવ કરી દેવામાં આવે કાંઈ પણ સ્થિતિ જાણ્યા વગર તે પણ ઘણા ખરા પ્રશ્નો ઊભા કરે છે આ અંગે કોંગ્રેસના સંજયભાઈ લાખાણી તથા કૃષ્ણદતભાઈ રાવલ દ્વારા કાનૂની લડત આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે કારણ કે મહાનગરપાલિકા દ્વારા જે પગલું ભરવામાં આવ્યું છે તે અક્ષમ્ય છે. તેઓએ આક્ષેપો કરતા જણાવ્યું હતું કે હાલ જ્યારે કોઈપણ પ્રશ્નો અથવા તો ઘેર કહી દે દબાણ જોવા મળતું હોય તો તે સમયે મહાનગરપાલિકા તે માટે દૂર કરવા માટે કામ કરતું હોય છે પરંતુ હાલ જે સ્થિતિનું નિર્માણ થયું છે તેમાં ગોકુલ હોસ્પિટલ માં જે બ્રિજ ઉભો કરવામાં આવ્યો તે કેટલા અંશે વ્યાજબી અને યોગ્ય છે તેનો કોઈ જવાબ હજુ સુધી મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવ્યો નથી. કોંગ્રેસનાં સંજય લાખાણી અને મહામંત્રી કૃષ્ણદત રાવલે એક યાદીમા જણાવેલ છે કે , રાજકીય પક્ષ પ્રેરીત જુદા જુદા પ્રોફેશ્નલ, વ્યાપારીક, સામાજીક તથા સખાવતી સંગઠનના કાર્યકરો જે તે રાજકીય પક્ષોની સત્તા હોઈ તેની પાસેથી ગેરકાયદેસર કામો કરાવવા માટે દબાણ લાવતા હોય છે અને આવા દબાણોને તાબે થઇ સત્તાધારી પક્ષો અધિકારીઓ ઉપર દબાણ લાવી ગેરકાનુની કામ કરતા હોઈ છે.

આ પૈકીનો એક કિસ્સો રાજકોટના ખ્યાતનામ ન્યુરોસર્જન ડો.પ્રકાશભાઈ મોઢાની વિદ્યાનગર રોડ ઉપર ગોકુલ હોસ્પીટલ દ્વારા રોડ ઉપર પુલ/બ્રીજનું સ્ટીલ સ્ટ્રકચર ઉભુ કરી રોડ સાઈડની બન્ને બાજુની ગોકુલ હોસ્પીટલ જે વિદ્યાનગર / મંગળા રોડ ઉપર જોડવામાં આવેલ છે તે બાંધકામના બાય-લોઝ વિરૂધ્ધ છે તથા ગુજરાત રાજ્યના GDCR ના નિયમોની જોગવાઇ વિરૂધ્ધ બનાવવામાં આવેલ છે અને તે પુલ / બ્રીજને મ્યુનિસીપાલ કોર્પોરેશશના જનરલ બોર્ડની તા.૨૮/૦૨/૨૦૧૯ ની મીટીંગના ઠરાવ નં.૭૧ થી મંજુરી પણ આપવામાં આવેલ છે.

જેમાં તે ઠરાવને બોમ્બેની હીન્દુજા હોસ્પીટલ તથા સેટેલાઈટ હોસ્પીટલને ધ્યાનમાં લીધેલ છે તો તે અન્ય રાજ્યના નિયમો ગુજરાત રાજ્ય GDCRને લાગુ પડે નહી તેમ છતા તેની વિગતને દર્શાવેલ છે તેમજ રામકૃષ્ણ આશ્રમ સંચાલીત હોસ્પીટલ આશ્રમ આશ્રમને જોડતા પુલનો ઉલ્લેખ કરવામાં આવેલ તે પણ ડો.પ્રકાશભાઈ મોઢાની ગોકુલ હોસ્પીટલને લાગુ પડતુ નથી કેમ કે રામકૃષ્ણ આશ્રમની બન્ને મિલ્કત વચ્ચે ગુજરાત રાજ્ય સરકારની માલીકીનો વોકળો આવેલ છે અને તે પૂર્વ વોકળા ઉપર બનાવેલ હોઈ તેથી ડો.પ્રકાશભાઈ મોઢાની હોસ્પીટલ બાબતે ઉદાહરણ લાગુ પડતુ નથી ત્યારે કોંગ્રેસે આ ઠરાવને હાઈકોર્ટમાં પડકારવાની જાહેરાત કરી છે. અને આ મામલે મ્યુનિ. કમિશનર તથા ગોકુલ હોસ્પિટલને લિગલ નોટિસ ફટકારી છે.

RMCના જનરલ બોર્ડના ઠરાવમાં પણ સ્પષ્ટ ઉલ્લેખ છે કે ગુજરાત રાજ્યના GDCR માં આવા પ્રકારની કોઈ મંજુરી માટે પ્રવર્તમાન GDCRમાં કોઈ જોગવાઈ ન હોવાથી અરજદાર ની અરજી પરત્વે ખાસ કિસ્સા તરીકે મંજુરી આપવાની રહે છે. આમ RMCના જનરલ બોર્ડના ઠરાવમાં જ ભાજપના સત્તાધીશો અને અધિકારીઓએ સ્પષ્ટ સમજણપૂર્વક લખેલ છે કે આ GDCRમાં કોઈ જોગવાઈ ન હોઈ તેમ છતા આવા ખોટા ઠરાવને મંજુરી આપવા પોતાની સત્તાનો દુરઉપયોગ કરવામા આવ્યો છે તેવુ જણાય છે.

રાજકોટ મહાનગર પાલીકામાં છેલ્લા ઘણા વર્ષોથી ભાજપનું શાસન હોઈ અને સત્તા અને બહુમતીના જોરે ગેરકાયદેસર ઠરાવ કરીને ભ્રષ્ટાચાર કરવા તથા કરાવવા માટે કામ કરે છે. તેમ વારંવાર સાબીત થાય છે.કોંગ્રેસનાં બન્ને આગેવાનોએ આક્ષેપ કરેલ છે કે ડો. મોઢાનાં કેસમાં જે રીતે કાર્યવાહી કરવામાં આવી છે તેના આધારે જોતા ભાજપનું એકચક્રી શાસન રાજકોટની જનતાના હીતમાં કામ કરવા કરતા તેના સમર્થકો અને સહયોગીઓના ભ્રષ્ટાચારને પોષવાની કામગીરી કરે છે.

રાજકોટમાં TRP ગેમઝોન/એટલાન્ટીસ બીલ્ડીંગ શિવાનંદ હોસ્પીટલમાં બનેલ આગની દુર્ઘટનાઓના બનાવોમાં સામાન્ય લોકોના જીવ ગયા તેની જવાબદારી રાજકોટ ભાજપના શાસકો કયારે સ્વીકારશે? આવા ગેરકાયદેસર રીતે આપવામાં આવેલી મંજુરીના ભોગે જનતાના જીવ ગુમાવવાનો વારો આવે છે તેની જવાબદારી ભાજપ શાસન કે RMCના અધિકારીઓ કયારે સ્વીકારશે?




# રિઝર્વ ઓપરેટરો સાથે આધાર કેન્દ્રો કરો શરૂ

## વોર્ડ નંબર ત્રણ અને ૧૬ માં સ્થિતિ વણસી : કોંગ્રેસે મનપાને લીધું આડેહાથ

રાજકોટ, તા. ૯

મહાનગરપાલિકામાં આધાર કાર્ડ કેન્દ્ર બંધ હોવાના કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે ત્યારે ભાજપના સત્તાધિશોએ લોકોને આશ્વાસન આપતા જણાવ્યું હતું કે આવનારા દિવસોમાં આ વોર્ડમાં આધાર કેન્દ્રો શરૂ થઈ જશે. પરંતુ મહત્વની વાત તો એ છે કે હાલ જે પરિસ્થિતિનું નિર્માણ થયું છે તેનાથી લોકોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. આ બાબતે અરજદારો દ્વારા કોંગ્રેસને રજૂઆત કરવામાં આવી હતી જેમાં એ વાતની સ્પષ્ટતા કરવામાં આવી છે કે આગામી દિવસોમાં આ પ્રકારની કોઈ વિકટ સમસ્યા ઊભી ન થાય તે માટેના તમામ પગલાંઓ યોગ્ય રીતે લેવામાં આવે. અને જ્યારે ઓપરેટરોને ફરજ મોકુફ કરવામાં આવતા હોય તો તેમની અવેજીમાં રિઝર્વ ઓપરેટરો હોવા ખૂબ જરૂરી છે જેથી લોકો ને જે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે તે ન થાય.

મહાનગરપાલિકાના તમામ વોર્ડમાં આધારકાર્ડ કેન્દ્ર શરૂ કરવામાં આવશે તેવી શાસક પક્ષના નેતાઓ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી પરંતુ હાલ વોર્ડ નંબર ૩ અને વોર્ડ નંબર ૧૬માં આધાર કાર્ડ કેન્દ્ર ઓપરેટર સસ્પેન્ડ થતાં શરૂ કરવામાં આવ્યા નથી. આ પ્રકારે જ્યારે ઓપરેટર સસ્પેન્ડ કરાય ત્યારે સેટઅપ વધારી બે પાંચ ઓપરેટરોને રિઝર્વ રાખવા જોઈએ જે પગલે આ અંગે તાત્કાલિક ધોરણસર ની કાર્યવાહી કરી યોગ્ય કરવા કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ કમિશનરને પત્ર લખીને રજૂઆત કરી છે.આ પત્રમાં તેમણે જણાવ્યું છે કે સેન્ટ્રલ ઝોન કચેરીમાં ઘસારો રહે છે અને બેંકમાં પણ આધાર કાર્ડ કેન્દ્ર બંધ જેવી હાલતમાં છે ત્યારે આજથી સ્કૂલો શરૂ થઇ હોય ત્યારે આધાર કાર્ડમાં અપડેટ અને નવા નામ સહિતની પ્રક્રિયા વેગવાન બનશે.

તો હાલ જે વોર્ડમા આધાર કાર્ડનું કામ બંધ છે તે ઝડપથી શરૂ કરાવી વોર્ડના દરેક આધાર કેન્દ્રો પર જાહેર જનતાને દેખાય તે મુજબ આધાર કાર્ડ નું કામ ચાલુ છે અને આધારકાર્ડ કાઢવાનો સમય અને જરૂરી ડોક્યુમેન્ટ અંગેના માર્ગદર્શક બોર્ડ લગાવવા જોઈએ. દરેક આધાર કાર્ડ કેન્દ્ર પર ડોક્યુમેન્ટ ચકાસણી અંગે વ્યવસ્થિત કર્મચારી રાખી અને લોકો ને કોઈ મુશ્કેલી ન પડે તેની તકેદારી રાખવી અને તમામ કેન્દ્ર પર પુરતી બેઠક વ્યવસ્થા અને ઠંડા પાણીની વ્યવસ્થા કરવી જરૂરી છે તેમ અંતમાં જણાવ્યું છે.

### મતદાન કરવા માટે ઓફિસમાં મોડા આવવાની છૂટ, ઓફિસથી વહેલા નીકળવાની છૂટ અથવા થોડા સમય મતદાન માટે ગેરહાજર રહેવાની છૂટ અપાશે

# ગ્રામ પંચાયતની ચૂંટણીમાં કર્મચારીઓને સમયમાં છુટછાટ આપવા નિર્દેશ



રાજકોટ, તા. ૯

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગે તા. ૨૨ જૂન-૨૦૨૫ રવિવારના રોજ રાજ્યના તમામ જિલ્લાઓની અંદાજે ૮,૩૨૬ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવાની જાહેરાત કરી છે. રાજ્યમાં યોજાનાર આ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં મતદારો-કર્મચારીઓ મતાધિકારનો પૂરતો ઉપયોગ કરી શકે તે માટે કચેરીમાં યોગ્ય સુવિધા-સમયમાં છુટછાટ ઉપલબ્ધ કરાવવાની રહેશે તેમ, સામાન્ય વહીવટી વિભાગની યાદીમાં જણાવાયું છે.

કર્મચારીઓ અને તાલીમ વિભાગના પર્સનલ, પીએજી અને પેન્શન મંત્રાલયના તા. ૧૦ ઓક્ટોબર-૨૦૦૧ની માર્ગદર્શિકા મુજબ વિવિધ સંસ્થાઓમાં કાર્યરત કેન્દ્ર સરકારના કર્મચારીઓ જેમ કે બેંકો, એલઆઇસી વગેરેના કર્મચારીઓ જો તેઓ વાસ્તવિક મતદારો હોય અને પોતાનો મતાધિકારનો ઉપયોગ કરવા ઇચ્છતા હોય તો તેમનો મતાધિકાર સુનિશ્ચિત થાય તે માટે સેવા સંબંધિત જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તેમને મતદાન માટે યોગ્ય છૂટછાટ આપવાની રહેશે. જેમ કે મતદાન કરવા માટે ઓફિસમાં મોડા આવવાની છૂટ, ઓફિસથી વહેલા નીકળવાની છૂટ અથવા થોડા સમય મતદાન માટે ગેરહાજર રહેવાની છૂટ આપવી જોઈએ તેમ, યાદીમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, રવિવારના દિવસે સામાન્ય રીતે રાજ્ય સરકારના મોટાભાગની કચેરીઓ બંધ રહે છે, પરંતુ કેટલાક વિભાગો જેમ કે ગ્રામીણ બેંકો, રાષ્ટ્રીયકૃત અને ખાનગી બેંકો, સહકારી બેન્કો બેંકો, રેલવે, ટેલિફોન, પોસ્ટ કચેરીઓ, દુકાનો, વેપારિક સંસ્થાઓ, હોટલો, ઔદ્યોગિક એકમો, ફેક્ટરીઓ, હોસ્પિટલો, પોલીસ સ્ટેશનો, ફાયર બ્રિગેડ તથા અન્ય આવશ્યક સેવાઓ આપતી સંસ્થાઓ રવિવારના રોજ પણ કાર્યરત રહેતી હોય છે. આ સંસ્થાના કર્મચારીઓને મતદાન કરવા માટે યોગ્ય વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાની રહેશે.

# બંટી-બબલીએ વૃદ્ધની હત્યા કરવા કરી હતી ઘરની રેકી

## હત્યા બાદ લૂંટ ચલાવી સામાન સગેવગે કરવાની હતા ફિરાકમાં, પોલીસે તે પૂર્વે જ દબોચી લીધા




રાજકોટ, તા. ૯

હાલ રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં ગુનાહિત કૃત્યો સતત વધી રહ્યા છે. ત્યારે આ પ્રકારના કિસ્સાઓ માં પોલીસ આરોપીઓને ઝડપી પાડવા માટે હાલ તમામ પગલાંઓ લઈ રહી છે ત્યારે બે દિવસ પૂર્વે જ ૭૦ વર્ષીય વૃદ્ધની લૂંટના ઈરાદે હત્યા કરવામાં આવી હતી અને આ મામલો અત્યંત ચર્ચાસ્પદ બન્યો હતો ત્યારે પોલીસે ગુનહાની ગંભીરતાને ધ્યાને લઈ બંને આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે. ઘટનાનો ભેદ ક્રાઇમ બ્રાંચે ઉકેલી લઇ બે આરોપી કિશન માનસિંગ વાઢેર (ઉ.વ.૨૨, રહે. હાલ કારડિયા રાજપૂત છાત્રાલય, જૂની ધરમ સિનેમા સામે, મૂળ સતાપર, તા. જામજોધપુર) અને તેની મિત્ર સ્નેહલબા પ્રતાપસિંહ ગોહીલ (ઉ.વ.૨૨, રહે. હાઉસિંગ બોર્ડના ક્વાર્ટર, બ્લોક નં. ૩૩૩, કોઠારિયા સોલવન્ટ, મૂળ છાત્રા, તા. તળાજા)ને ઝડપી લઇ લૂંટી લીધેલા સોનાના દાગીના સહિત કુલ રૂા. ૭.૫૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.


બંને આરોપી અગાઉ ફલીપકાર્ટમાં ડિલીવરી બોય અને ગર્લ તરીકે નોકરી કરતાં હતા.પાર્સલ ગયા હોવાથી મૃતક એકલા રહેતા હોવાની અને દાગીના પહેરવાના શોખીન હોવાની જાણ હતી. જેને કારણે તેના દાગીના લુંટવા હત્યા કર્યાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.ભક્તિનગર પોલીસ મથકમાં મૃતકના નાનાભાઇ રમઝાભાઈએ ફરિયાદ નોંધાવી હતી.આખરે સીસીટીવી કેમેરાના આધારે ક્રાઇમ બ્રાંચે ભેદ ઉકેલી બંને આરોપીઓને ઝડપી લીધા હતાં.પોલીસે જણાવ્યું હતું કે આરોપી યુવતી પોતાના પરિવારના કહ્યામાં નહોતી અને સ્વચ્છંદી બની ગઈ હતી.

ક્રાઇમ બ્રાંચની તપાસમાં ખૂલ્યા મુજબ આરોપી કિશન અને સ્નેહલબા ફલીપકાર્ટના ડો. યાજ્ઞિક રોડ પર આવેલા વેર હાઉસમાં ડિલીવરી બોય અને ડિલીવરી ગર્લ તરીકે નોકરી કરતા હતાં. જેના કારણે એક-બીજા સાથે મિત્રતા થઈ હતી.એકાદ વર્ષ પહેલા તે મૃતક બરકતભાઇના ઘરે પાર્સલ આપવા ગઇ હતી. જેને કારણે તેની સાથે પરિચયમાં આવી હતી. તે સાઇડમાં ગોલ્ડ લોનનું પણ કામ કરતી હતી. જેથી તેનું પેમ્ફલેટ પણ આપ્યું હતું.

ત્યાર પછી બીજી વખત પણ પાર્સલની ડિલીવરી કરવા ગઇ હતી. હાલમાં કિશન અને સ્નેહલબાને પૈસાની જરૂરિયાત હતી. સ્નેહલબા મૃતક બરકતભાઈને ઓળખતી હોવાથી તેને ખબર હતી કે તે સોનાના દાગીના પહેરવાના શોખીન છે. હંમેશા બંને હાથની આઠ આંગળીમાં વીંટીઓ પહેરે છે, આ ઉપરાંત ગળામાં સોનાનો ચેન અને સોનાની લક્કી પણ પહેરે છે. આ સંજોગોમાં તેને લૂંટી લેવાની યોજના બનાવી હતી.યોજનાના ભાગરૂપે બંને ત્રણેક દિવસ પહેલા મૃતક બરકતભાઈના ઘરે ગયા હતા. તે વખતે કિશને તેની સાથે સિગરેટ પણ પીધી હતી. ઘરની આ મુલાકાત દરમિયાન બંનેએ ખાતરી કરી લીધી હતી કે મૃતક બરકતભાઈ એકલા જ રહે છે. ઘરમાં સીસીટીવી કેમેરા પણ નથી. જેથી બે દિવસ પહેલાં એક્ટિવા ઉપર બંને તેના ઘરે બધી તૈયારી સાથે યોજનાને અંજામ આપવા ગયા હતા.

# નવેમ્બરમાં રાજકોટમાં ક્રિકેટ ફીવર

## સાઉથ આફ્રિકાની એ ટીમ ભારત સામે રમશે ત્રણ વન-ડે



રાજકોટ, તા. ૯

રાજકોટમાં જ્યારે ક્રિકેટ ફીવર જોવા મળે ત્યારે લોકોમાં એક અનેરો આનંદ અને ઉત્સાહ નજરે પડતો હોય છે. ત્યારે ફરી એક સારા સમાચાર રાજકોટ વાસીઓ માટે આવ્યા છે જેમાં નવેમ્બર મહિનામાં સાઉથ આફ્રિકાની એ ટીમ ભારત સામે ત્રણ વન-ડે મેચ રમવા રાજકોટ આવી રહી છે ત્યારે ફરી એક વખત ક્રિકેટ પીવા રાજકોટમાં જોવા મળશે હાલ આ માટે નિરંજનશાહ સ્ટેડિયમ અને સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. રાજકોટના ખંડેરી સ્ટેડિયમ ખાતે ઘણી-ખરી મોટી ટુર્નામેન્ટોનું આયોજન કરવામાં આવ્યું જેની છબી ખૂબ જ સારી રહી છે અને પરિણામ સ્વરૂપે હાલ રાજકોટને હવે તમામ પ્રકારની સિરીઝના મેચો મળી રહ્યા છે જે ખૂબ સારી બાબત કહી શકાય.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડએ ૨૦૨૫ માટે ઈન્ટરનેશનલ હોમ સીઝન અને સાઉથ આફ્રિકા એ ટુર ઓફ ઈન્ડિયા માટે અપડેટેડ શેડ્યૂલ જાહેર કર્યું છે. જેમાં રાજકોટમાં સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો.ના નિરંજન શાહ સ્ટેડીયમમાં ૧૩, ૧૬ અને ૧૯ નવેમ્બરના રોજ વન-ડે મેચ યોજાશે.

ટીમ ઈન્ડિયા (સિનિયર મેન) ઘરે ટેસ્ટ મેચ, વન-ડે ઈન્ટરનેશનલ (ODI) અને ટ્વેન્ટી૨૦ ઈન્ટરનેશનલ (T20I)માં વેસ્ટ ઈન્ડિઝ અને સાઉથ આફ્રિકાનો સામનો કરશે, જેમાં ૨ ઓક્ટોબર ૨૦૨૫ થી અમદાવાદમાં વેસ્ટ ઈન્ડિઝ સામે IDFC ફર્સ્ટ બેંક ટેસ્ટ શ્રેણી શરૂ થશે. વેસ્ટ ઈન્ડિઝ સામેની બીજી ટેસ્ટ, જે મૂળ કોલકાતા માટે યોજાવાની હતી, હવે નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં યોજાશે.

દરમિયાન, ૧૪ નવેમ્બર, ૨૦૨૫ થી શરૂ થતી દક્ષિણ આફ્રિકા સામેની પહેલી ટેસ્ટ, નવી દિલ્હીથી કોલકાતાના ઇડન ગાર્ડન્સમાં ખસેડવામાં આવી છે.ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં આઉટફિલ્ડ અને પીચના નવીનીકરણને કારણે, ટીમ ઈન્ડિયા (સિનિયર વિમેન્સ) અને ઓસ્ટ્રેલિયા વિમેન્સ વચ્ચેની IDFC ફર્સ્ટ બેંક ODI શ્રેણી ચેન્નાઈથી ખસેડવામાં આવી છે. પ્રથમ બે ODI હવે ન્યૂ ચંદીગઢના ન્યૂ PCA સ્ટેડિયમમાં રમાશે, જ્યારે ત્રીજી અને અંતિમ ODI નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાશે.

દક્ષિણ આફ્રિકાની પુરુષ અ ટીમ ૩૦ ઓક્ટોબર, ૨૦૨૫ થી શરૂ થતી બે મલ્ટી-ડે મેચ અને ત્રણ વન-ડે મેચમાં ભારત અનો સામનો કરશે. જ્યારે બે મલ્ટી-ડે મેચ બેંગલુરુના BCCI સેન્ટર ઓફ એક્સેલન્સ (COE) ખાતે યોજાવાની ચાલુ રહેશે, ત્યારે ત્રણ વન-ડે મેચ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમથી રાજકોટના સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં ખસેડવામાં આવી છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# ધારો નોધારો!

## અશાંત ધારો લાગુ, પણ અમલના ઠેકાણા નથી : લોકરોષ



કાયદો બનાવવો એ બહાદુરી નથી, કાયદાનો કડકાઈથી અમલ પણ કરવાનો હોય છે. રાજકોટમાં વિવિધ કાયદાઓ લાગુ છે. પરંતુ, તેનો અમલ તંત્ર પોતાની અનુકુળતા પ્રમાણે કરે છે. સમગ્ર ગુજરાતમાં દારૂબંધી છે. પણ, રાજકોટમાં ખુણે-ખુણે દેશી જોઈએ તેટલો મળે છે. કાયદાનો અમલ કરાવવાને બદલે કાયદો ભંગ કરનારા સાથે સેટિંગ કરીને જલ્સા કરે છે.

માત્ર દારૂની બાબતમાં જ નહિ, પરંતુ અન્ય ગંભીર મામલાઓમાં પણ કાયદાનો અમલ થતો નથી. આ બાબત તંત્રની વૃત્તિ સામે આશંકા સર્જે છે. વિધર્મી સમુદાયની શંકાસ્પદ હિલચાલો સામે રાજકોટના અનેક વિસ્તારોમાં અશાંત ધારો લાગુ કરાયો છે. આ મુદ્દો અતિ ગંભીર છે. કોઠારિયા મેઈન રોડ પરની ન્યુ કેદારનાથ સોસાયટી વિસ્તારમાં અશાંત ધારો અમલમાં છે. પરંતુ, તંત્રની સંપૂર્ણ નિસ્ક્રીયતાના કારણે અશાંત ધારાના ધજાગરા ઉડી રહ્યા છે.

આ વિસ્તારના લોકોએ કામ-ધંધો પડતા મૂકીને કલેક્ટર કચેરી ખાતે કાયદાના અમલ માટે દેખાવો-સૂત્રચ્ચાર કરવા પડ્યા હતા. કલેક્ટર તંત્રને રજૂઆત પણ કરાઈ છે. આશ્ચર્ય નથી થતું? કાયદાના અમલ માટે પણ લોકોએ તંત્ર સામે લડવું પડે છે.


અશાંત ધારો રાજકોટમાં ખુદ નોધારો બની ગયો છે. ધારો નિર્માણ કરવા પાછળ સરકારના વિશિષ્ટ ઉદ્દેશો રહેલાં હોય છે. અશાંત ધારો તો શક્તિશાળી બનાવવામાં આવ્યો છે. જો કે રાજકોટમાં આ ધારાની પણ કોઈ વેલ્યુ રહી નથી.

કેદારનાથ સોસાયટી વિસ્તારના લોકોએ રજૂઆતમાં જણાવ્યું છે કે, છેલ્લા ઘણાં સમયથી અશાંત ધારો લાગુ હોવા છતાં વિધર્મી લોકો બેરોકટોક મકાનોની ખરીદી કરે છે. તાજેતરમાં જ છ મકાનોનું આ રીતે વેચાણ થયાનો ઘટસ્ફોટ રજૂઆતમાં કરાયો છે.

આવા મામલા રાજકોટ માટે અતિ ગંભીર છે. રાજકોટના વિવિધ વિસ્તારો કબજે કરવાના ખેલ ચાલે છે. જેમાં વકીલો-દલાલો પણ સામેલ હોય તેવી આશંકા છે. અશાંત ધારો લાગુ હોવા છતાં વિધર્મીઓને જે મિલકતોનું વેચાણ થયું છે તે મિલકતો તાત્કાલિક સીલ કરીને તેને તંત્રએ કબજામાં લેવી જોઈએ. અશાંત ધારાનો ભંગ કરનારા તમામ પર કાયદેસર કાર્યવાહી કરવી જોઈએ. જાણકારો એવી પણ માહિતી આપે છે કે, રાજકોટના અનેક વિસ્તારોમાં અશાંત ધારો લાગુ કરાયો છે. પણ, અમલ તીવ્રતાથી ન થતો હોવાથી સ્થાનિક પરિવારો ફફડી રહ્યા છે.

આવા તંત્રની ગુજરાત સરકો પણ ગંભીર નોંધ લેવી જોઈએ. ઉચ્ચ અધિકારીઓ સામે પણ કડક પગલાં ભરાવા જરૂરી છે. દારૂથી માંડીને અશાંત ધારા સુધીના કાયદાના છડેચોક ધજાગરા ઊડી રહ્યા છે. કાયદાઓનો અમલ કરાવવાની ત્રેવડ ન હોય તો કાયદો શા માટે ઘડવામાં આવે છે?

અધિકારીઓ પોતાની અનુકુળતા પ્રમાણે પોતાના સ્વાર્થ પ્રમાણે કાયદાના અમલ કરે એ ગુજરાતના હિતમાં નથી. તંત્ર સામે સરકારે અને લોકોએ કડક બનવું જ પડશે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા




# PM દ્વારા કરવામાં આવેલા કાર્ય સુવર્ણ અક્ષરોમાં લખાશેઃ નડ્ડા

## ૨૦૧૪ પહેલાની સરકાર ભ્રષ્ટાચારમાં ડૂબેલી હતી : નડ્ડાએ પીએમ મોદીના શબ્દોને ટાંકીને કહ્યું કે, આ દાયકો ભવિષ્યના વિકસિત ભારતના વિકાસનો પાયો સાબિત થશે

નવીદિલ્હી, તા. ૯

નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની ગઉઅ સરકાર તેના ત્રીજા કાર્યકાળની પ્રથમ વર્ષગાંઠની ઉજવણી કરી રહી છે, ત્યારે ભાજપના વડા જેપી નડ્ડાએ જણાવ્યું હતું કે વડા પ્રધાનના નેતૃત્વમાં સુશાસન અને ગરીબોના કલ્યાણ માટે કરવામાં આવેલા કાર્યો 'સુવર્ણ અક્ષરોમાં' લખાશે. ભાજપની આગેવાની હેઠળની સરકાર સોમવારે ૨૦૧૪ માં કેન્દ્રમાં સત્તામાં ૧૧ વર્ષ પૂર્ણ કરે છે. પીએમ મોદી ૯ જૂન, ૨૦૨૪ ના રોજ ત્રીજા કાર્યકાળ માટે શપથ લેશે. છેલ્લા ૧૧ વર્ષમાં વડા પ્રધાન મોદીના નેતૃત્વ હેઠળ સરકારે કરેલું કામ અસાધારણ હતું, અને તેને સુવર્ણ અક્ષરોમાં લખવું જોઈએ, નડ્ડાએ નવી દિલ્હીમાં ભાજપ મુખ્યાલયમાં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

૨૦૧૪ પછીના પરિવર્તન પર ભાર મૂકતા, નડ્ડાએ કહ્યુંઃ ૨૦૧૪ પહેલાની તે સરકાર કે જે કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ ભ્રષ્ટાચારમાં ડૂબેલી હતી. તેમાં નકારાત્મકતા હતી. જોકે, ૨૦૧૪ પછી, નકારાત્મકતાથી આશાવાદ તરફ પરિવર્તન આવ્યું. આજે બધા કહે છે કે 'મોદી હૈ તો મુમકીન હૈ'. એનડીએ સરકાર આ ટર્મ તેમજ આગામી ટર્મમાં પણ પોતાનો કાર્યકાળ પૂર્ણ કરશે, નડ્ડાએ કહ્યું.

રાજકીય સંસ્કૃતિમાં ફેરફાર માટે પીએમને શ્રેય આપતા, નડ્ડાએ ૨૦૧૪ પહેલા કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકાર પર પ્રહારો કર્યા. અગિયાર વર્ષ પહેલાં, આપણી રાજકીય સંસ્કૃતિ તુષ્ટિકરણ અને પોતાની 'ખુરશી' બચાવવા માટે સમાજને તોડવાની હતી. પરંતુ મોદીજીના સત્તામાં આવ્યા પછી, કામગીરીનું રાજકારણ, પ્રતિભાવશીલ અને જવાબદાર સરકાર, જવાબદારીનું રાજકારણ, રિપોર્ટ કાર્ડ નવી સંસ્કૃતિ તરીકે ઉભરી આવ્યા છે. એક 'નવું સામાન્ય', એક 'નવું ક્રમ' સ્થાપિત થયું છે. આ એક અસરકારક સરકાર છે, તે એક એવી સરકાર છે જેણે મજબૂત નિર્ણયો લીધા છે... તે એક પારદર્શક સરકાર અને સ્વપ્નદ્રષ્ટા સરકાર બની છે, એમ તેમણે કહ્યું. નડ્ડાએ પીએમ મોદીના શબ્દોને ટાંકીને કહ્યું કે, આ દાયકો ભવિષ્યના વિકસિત ભારતના વિકાસનો પાયો સાબિત થશે. તેમણે જમ્મુ અને કાશ્મીરમાં કલમ ૩૭૦ નાબૂદ કરવા, ટ્રિપલ તલાક નાબૂદ કરવા, વક્ફ સુધારો કાયદો, નોટબંધી, મહિલા અનામત બિલને પીએમ મોદીના નેતૃત્વ હેઠળની ભાજપ સરકાર દ્વારા લેવામાં આવેલા કેટલાક 'બોલ્ડ નિર્ણયો' તરીકે ટાંક્યા. આ એક પરિવર્તન છે, આ ભાજપ સરકાર દ્વારા લેવામાં આવેલ એક બોલ્ડ નિર્ણય છે.

કોંગ્રેસે પીએમ મોદી પર મીડિયા વાર્તાલાપને સ્ક્રિપ્ટ કરવાનો અને 'અનિયંત્રિત' પ્રેસ મીટિંગો યોજવાની હિંમત ન બતાવવાનો આરોપ લગાવ્યાના એક દિવસ પછી, નડ્ડાએ કહ્યું, જો તમે રાહુલ ગાંધી કે જયરામ રમેશને જુઓ, તો તેઓ ક્યારેય મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરતા નથી. જો કોઈ રાષ્ટ્રીય પક્ષના વડા સરકારની ૧૧મી વર્ષગાંઠ પર પ્રેસ કોન્ફરન્સ સંબોધે તો તેમાં શું વાંધો છે? અને વડા પ્રધાન જેટલી વાર જનતા સાથે વાત કરે છે તેટલી વાર જયરામજી તેમના જીવનકાળમાં કોઈની સાથે વાત કરે છે.

# સુકમામાં નકસલીઓ દ્વારા IED બ્લાસ્ટ : ASP શહીદ

## પેટ્રોલિંગ કરતા પોલીસ જવાનો ઈજાગ્રસ્તઃ છત્તીસગઢના ઘણા ખરા જિલ્લાઓમાં નક્સલવાદીઓનો સફાયો

નવીદિલ્હી, તા. ૯

છેલ્લા કેટલાક મહિનાઓથી છત્તીસગઢમાં નક્સલવાદીઓ વિરુદ્ધ સતત અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ ઓપરેશનમાં સુરક્ષા દળોને પણ સફળતા મળી છે. આ જ કારણ છે કે ઘણા જિલ્લાઓમાંથી નક્સલવાદીઓનો સંપૂર્ણ સફાયો થઈ ગયો છે. બીજી તરફ, આ કાર્યવાહીથી હતાશ થયેલા નક્સલીઓએ ગઈકાલે એક મોટી ઘટનાને અંજામ આપ્યો છે. તેમણે સુકમા જિલ્લામાં IED બ્લાસ્ટ કર્યો છે. આ અકસ્માતમાં ASP આકાશ રાવ ગિરીપુંજે શહીદ થયા છે, જ્યારે ઘણા અન્ય પોલીસકર્મીઓ ઘાયલ થયા છે. છત્તીસગઢના સુકમા જિલ્લામાં સોમવારે નક્સલીઓ દ્વારા લગાવવામાં આવેલા IED વિસ્ફોટમાં એક વરિષ્ઠ પોલીસ અધિકારી અને અન્ય કર્મચારીઓ ઘાયલ થયા હતા. આ ઘટના ડોંડ્રા ગામ પાસે બની હતી. અધિક પોલીસ અધિક્ષક (કોંટા વિભાગ) આકાશ રાવ ગિરીપુંજે ગંભીર રીતે ઘાયલ થયા અને શહીદ થયા.

ઘાયલોને કોન્ટા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. નક્સલીઓ દ્વારા બંધના એલાનને ધ્યાનમાં રાખીને પેટ્રોલિંગ દરમિયાન આ ઘટના બની હતી. આ વિસ્ફોટની ઘટના સવારે ૯ થી ૧૦ વાગ્યાની વચ્ચે બની હોવાનું જણાવવામાં આવી



રહ્યું છે. ૧૦ જૂને સીપીઆઈ(એમ) દ્વારા આપવામાં આવેલા ભારત બંધના એલાનને ધ્યાનમાં રાખીને કોઈપણ નક્સલી ઘટનાને રોકવા માટે એએસપી આકાશ રાવ ગિરીપુંજે આ વિસ્તારમાં પગપાળા પેટ્રોલિંગ કરી રહ્યા હતા. બધા ઘાયલોની કોન્ટા હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. અન્ય ઘાયલો હાલમાં ખતરાની બહાર છે. સારવાર દરમિયાન એએસપી આકાશ રાવનું મોત નીપજ્યું. ઘટના બાદ, વિસ્તારમાં શોધખોળ તેજ કરવામાં આવી છે.

છત્તીસગઢના નાયબ મુખ્યમંત્રી વિજય શામરાએ આ ઘટના અંગે જણાવ્યું હતું કે કોન્ટા-એરાબોરા રોડ પર ડોંદ્રા નજીક IED વિસ્ફોટમાં ઘાયલ થયા બાદ ASP સુકમા, આકાશ રાવ ગિરીપંજેએ પોતાનો જીવ આપ્યો. તે એક બહાદુર સૈનિક હતો અને તેને ઘણા બહાદુરી પુરસ્કારોથી નવાજવામાં આવ્યો હતો. આ આપણા માટે દુઃખદ ક્ષણ છે. શોધ અને કામગીરી શરૂ કરવામાં આવી છે.

આ પહેલા, ૬ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ, બીજાપુર જિલ્લામાં એક મોટા નક્સલી હુમલામાં ૯ લોકો શહીદ થયા હતા, જેમાં ૮ સુરક્ષા કર્મચારીઓ અને એક નાગરિક ડ્રાઈવરનો સમાવેશ થાય છે. આ હુમલો ૬૦-૭૦ કિલો વજનના IED વડે કરવામાં આવ્યો હતો અને છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સુરક્ષા દળો પરનો આ સૌથી મોટો હુમલો હતો.

સુરક્ષા દળોને નિશાન બનાવતા નક્સલીઓ દ્વારા કરવામાં આવતા આવા હુમલાઓ રાજ્યમાં નક્સલ વિરોધી અભિયાન માટે પડકારો ઉભા કરે છે. જોકે, સુરક્ષા દળો દ્વારા સતત મળી રહેલા સમર્થનથી નક્સલવાદીઓમાં હતાશા સ્પષ્ટપણે દેખાય છે. માર્ચ ૨૦૨૬ સુધીમાં નક્સલવાદનો અંત લાવવા માટે નક્સલીઓ દ્વારા સ્થાપિત કરાયેલ ID હવે એક મોટો પડકાર બની ગયો છે.


# કેરળના દરિયાકાંઠે અકસ્માત : કન્ટેનર જહાજમાં વિસ્ફોટ

## અકસ્માત બાદથી, જહાજના ચાર ક્રૂ સભ્યો ગુમ છે, જ્યારે પાંચ લોકો ઘાયલ થયા છે. જહાજમાં કુલ ૨૨ ક્રૂ સભ્યો હતા

નવીદિલ્હી, તા. ૯

કેરળના દરિયાકાંઠે એક અકસ્માત થયો. કોલંબોથી ન્હાવા શેવા જઈ રહેલા કન્ટેનર જહાજ ખટ ઠઅગ ઈઅઈ ૫૦૩ માં સમુદ્રમાં એક મોટો વિસ્ફોટ થયો છે. આ વિસ્ફોટ કોચીથી લગભગ ૩૧૫ કિલોમીટર પશ્ચિમમાં જહાજના અંડર ડેક (નીચલા ભાગમાં) થયો હતો. અકસ્માત બાદથી, જહાજના ચાર ક્રૂ સભ્યો ગુમ છે, જ્યારે પાંચ લોકો ઘાયલ થયા છે. જહાજમાં કુલ ૨૨ ક્રૂ સભ્યો હતા. જહાજ પર કન્ટેનર લોડ કરવામાં આવે છે. ક્રૂ મેમ્બર્સને બચાવવાના પ્રયાસો ચાલુ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જહાજમાં રાખેલા ૫૦ કન્ટેનર દરિયામાં પડી ગયા હતા. જહાજ પર ૬૦૦ થી વધુ કન્ટેનર છે. નૌકાદળ અને કોસ્ટ ગાર્ડના જહાજો ઘટનાસ્થળે જવા રવાના થઈ ગયા છે. વિસ્ફોટનું કારણ હજુ સુધી સ્પષ્ટ નથી, પરંતુ એવી શંકા છે કે તે કન્ટેનરની અંદરથી વિસ્ફોટ થયો હશે.

ભારતીય નૌકાદળના પીઆરઓએ જણાવ્યું હતું કે, 'કોઝિકોડના બેપોર કિનારે એક કાર્ગો જહાજમાં વિસ્ફોટ થયો છે. આ જહાજ સિંગાપોર-ધ્વજવાળું કન્ટેનર જહાજ છે, જેની લંબાઈ ૨૭૦ મીટર અને ડ્રાફ્ટ ૧૨.૫ મીટર છે. આ જહાજ ૭ જૂને કોલંબોથી ૧૦ જૂને ગર્ઝ્ઞ મુંબઈથી રવાના થયું હતું. દરમિયાન, ભારતીય કોસ્ટ ગાર્ડે તાત્કાલિક રાહત અને બચાવ કાર્ય માટે કામગીરી શરૂ કરી દીધી



છે. પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે કોસ્ટ ગાર્ડનું ડોર્નિયર વિમાન મોકલવામાં આવ્યું છે. આ સાથે, ન્યુ મેંગલોરથી કોસ્ટ ગાર્ડના ત્રણ જહાજો ICGS રાજદૂત, કોચીથી ICGS અર્ન્વેશ, અગાટ્ટીથી ICGS સચેતને પણ તાત્કાલિક ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા છે. કોસ્ટ ગાર્ડે કહ્યું છે કે ગુમ થયેલા લોકોને શોધવા અને ઘાયલોને પ્રાથમિક સારવાર આપવા માટે ઝડપથી કામ કરવામાં આવી રહ્યું છે. જહાજ પરના બાકીના ક્રૂ સભ્યો હાલમાં સુરક્ષિત હોવાનું કહેવાય છે. કોસ્ટ ગાર્ડ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે. રાહત જહાજો અને વિમાનો ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા છે. શક્ય તમામ સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

કેરળ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (SDMA) ના સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે આ ઘટના કોઝિકોડ જિલ્લામાં બેપોર કિનારાથી ૭૮ નોટિકલ માઈલ દૂર બની હતી. ''વીસ કન્ટેનર સમુદ્રમાં પડી ગયા છે અને જહાજમાં અનેક વિસ્ફોટ થયા છે. જહાજમાં ૨૨ ક્રૂ સભ્યો હતા અને તેમાંથી ૧૮ લોકોએ બચાવ બોટ સાથે સમુદ્રમાં કૂદી પડ્યા હતા. જહાજ હજુ સુધી ડૂબ્યું નથી,'' એક અધિકારીએ જણાવ્યું. SDMAએ જણાવ્યું હતું કે જો ઘાયલ ક્રૂ સભ્યોને કેરળ લાવવામાં આવી રહ્યા હોય, તો કોઝિકોડ અને એર્નાકુલમના જિલ્લા કલેક્ટરોને ઘાયલોની સારવાર સુનિશ્ચિત કરવા માટે કહેવામાં આવશે. વાન હૈ ૫૦૩ ૧૪.૪ નોટની ઝડપે આગળ વધી રહ્યું હતું અને ૧૦ જૂને મુંબઈ પહોંચવાની અપેક્ષા હતી. આ જહાજ ૨૦૦૫માં બનેલું અને સિંગાપોરના ધ્વજ હેઠળ સફર કરતું કન્ટેનર જહાજ છે. સંરક્ષણ પ્રવક્તાએ જણાવ્યું હતું કે ૨૨ ક્રૂ સભ્યોમાંથી ૧૮ હોડીમાં ચઢી ગયા હતા અને જહાજ છોડી દીધું હતું. કોસ્ટ ગાર્ડ અને ભારતીય નૌકાદળના જહાજો અને વિમાનો દ્વારા ક્રૂ સભ્યોને બચાવવામાં આવી રહ્યા છે. વહાણમાં આગ લાગી છે અને તે તણાઈ રહ્યું છે.

શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## શ્રીમદ્ ભાગવતમાં પંચ યજ્ઞની વાત છે, અને એમાંના ભૂતયજ્ઞ થકી પ્રકૃતિ સંવર્ધન થઈ શકે છે



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં જ પર્યાવરણ દિવસ ગયો અને હવે વ્રતનો દિવસો પણ શરૂ થશે.તો આ વખતે પ્રકૃતિ સંરક્ષણ અને સંવર્ધનનું વ્રત રાખવામાં આવે તો કેવું રહે! વ્રત આપણી સંસ્કૃતિનો એક બહુ મોટો આધાર ગણાતો, પણ આપણી સ્વાદ વૃત્તિએ વ્રતને પણ અભડાવી દીધું એમ કહી શકાય! ખેર આપણે આજે એની પર વાત નથી કરવાની, પણ! પ્રદૂષિત વાતાવરણને કારણે માનવ જાતના અસ્તિત્વ પર ખતરો તોળાઈ રહ્યો છે. સંસ્કૃતિની રીતે પણ આજે હિન્દુને ખુદને હિન્દુ સંસ્કૃતિ વિશે ખબર નથી, સનાતન ધર્મ કોને કહેવાય એ ખબર નથી! ઉપરથી ભારતમાં બિનસાંપ્રદાયિકતાને કારણે અન્ય ધર્મની સંસ્કૃતિઓ કટ્ટરતાને કારણે ઉપર આવી રહી છે, ત્યારે હિન્દુ પોતે હિન્દુ હોવાનો કોઈ ગર્વ અનુભવતો નથી. ઉપરથી ભોગ વિલાસ,કે સ્વાદને નામે કેટલુંય અપનાવી લીધું હોવાથી, યુવાનોમાં નાની ઉંમરથી બીપી ડાયાબિટીસ અને એબોસિટી જેવા રોગ થાય છે. એટલે એમ કહો કે સનાતન ધર્મનું આખું માળખું જ બગડી ગયું છે.પણ વ્રતનાં આ દિવસો દરમિયાન સંસ્કૃતિ કરતાં પણ પ્રકૃતિ સંવર્ધન બહુ જરૂરી છે, એટલે એની પર ચિંતન કરીશું.

પ્રકૃતિ સંવર્ધન માટે નિસ્વાર્થ ભાવ કેળવવો પડશે, જેની પ્રેરણા આપણને ખુદ પ્રકૃતિ જ આપે છે!: કે જેની પાસેથી આપણે સતત આટલા વર્ષોથી લીધું છે, પણ આપવાને નામે કંઈ જ આપ્યું નથી. પ્રકૃતિ સન્મુખ થઈને જરા વિચારીએ તો ખબર પડે કે લેણદેણનાં આ યુગમાં વિચારીએ કે કે સૂર્ય મને રોજ પ્રકાશ આપે છે! વનસ્પતિ મને ફળ ફૂલ આપે છે, નદીનાળાં મને પાણી આપે છે, પૃથ્વી મને આશ્રય આપે છે, આકાશ મને છત આપે છે,હવા મને ઓક્સિજન આપે છે, પણ હું એને શું આપું છું? કંઈ એટલે કંઈ જ નહીં! ચાલો માની લઈએ કે આપણી તેને આપવાની કંઈ ઔકાત નથી, એટલે આપણે સૂર્યને શું આપી શકીએ! આપણે હવાને કંઈ આપી શકીએ નહીં, પરંતુ એની શુદ્ધતાનું, એની નિસ્વાર્થતાનું જતન તો કરી શકીએ!

વિશ્વનાં બધા ધર્મો કરતા હિન્દુ સનાતન ધર્મ આગળ સૌથી વધુ વૈદિક શાસ્ત્રો છે. શ્રીમદ ભાગવતમાં પંચ યજ્ઞની વાત કરવામાં આવી છે. ભૂતયજ્ઞ એ પ્રકૃતિ સંવર્ધન માટે સૌથી શ્રેષ્ઠ ઉપાય છે. બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, ભૂતયજ્ઞ અને નૃ યજ્ઞ આ પાંચ યજ્ઞ દરેક મનુષ્ય એ રોજ કરવા જોઈએ, એવું આપણાં શ્રીમદ ભાગવતમાં કહ્યું છે, અને આ મુજબ કરવાથી સંસારીની નિત્ય વૈદિક ઉપાસના સિદ્ધ થાય છે. આપણે માત્ર ભૂતયજ્ઞ કરીને, એટલે કે આવા નાના નાના પ્રયોગ કરીને પ્રકૃતિ સંવર્ધન કંઈ રીતે થઈ શકે છે એ જોઈએ.

ભૂતયજ્ઞનો સીધોસાદો અર્થ જીવદયા થાય! આપણે પ્રકૃતિને સૃષ્ટિ રૂપે જોઈએ તો અહીં એક ઉપભોગ અને ઉપભોક્તા જેવી સાયકલનું નિર્માણ થાય છે, એટલે સમગ્ર સૃષ્ટિમાં જે કોઈ જીવ છે, એ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા, કંઈ ને કંઈ અહીંથી જ મેળવે છે, એટલે કે કાળ અને કોળિયાનું આ ચક્ર ચાલતું રહેવું બહુ જરૂરી છે, અને એ રીતે આ સાયકલ ચાલે છે, પણ માનવીને મરવું નથી,અને એટલે ઉંદરને મરવું પડે છે! એટલે કે વૈજ્ઞાનિક શોધનાં પ્રયોગો ઉંદર ઉપર થાય છે, અને જે સંવેદના વિહિન કૃત્ય છે, ખેર છોડો,પણ છે અપરાધ! અને આવાં તો નાનાં મોટા કેટલાય અપરાધ આપણે કર્યા અને હજી શોધને નામે કરતા જ જઈએ છીએ. પણ સાયકલ મુજબ ઉંદર નાના નાના જીવ જંતુ ખાય, તો બિલાડી ઉંદરને અને બિલાડીને કૂતરો ખાય, આમ એક પણ જાતિનો ઉપદ્રવ વધે નહીં, એ માટે આ ચક્ર છે! માનવી પોતાની રીતે આ અન્ય જીવ કે જે સૃષ્ટિ પર આધારિત છે, એને જીવદયાને નામે કંઈ ને કંઈ નીરતો રહે, તો આ શાકાહારીનું ચક્ર પણ ચાલતું રહે, અને તો જ સૃષ્ટિમાં સંતુલન બની રહે. આપણે ત્યાં કીડીયારું પૂરવાનો રીવાજ હતો, ચબૂતરા પર ચણ નાખવામાં આવતું, ગાય કૂતરાની રોટલી નીકળતી, કૂતરી બચ્ચાને જન્મ આપે એટલે એને શીરો આપતા, ગાયને રોજ ઘાસ આપવામાં આવતું,અને એ રીતે આ પ્રાણીઓનાં રહેણાંક આપણી આસપાસ બની રહેતાં, કારણ કે આ પ્રાણીઓનાં મળમૂત્રથી ભૂમિની ફળદ્રુપતા બની રહેતી, માટે એમનું હોવું આવશ્યક છે.અળસિયા પણ જમીનની ફળદ્રુપતા વધારે છે,અને અમુક લોકો એનાં ઉછેર કેન્દ્ર પણ ચલાવે છે. અમુક પંખીની ચરક પણ ઉપયોગી સાબિત થાય છે, અને ગાયનાં છાણ જેવું બીજું કોઈ ઉત્તમ ખાતર નથી! જે જમીનની ફળદ્રુપતા ચાલી ગઈ હોય ત્યાં, એકધારું આ ખાતર નાખવાથી સારા પરિણામ આવે છે. સમયે સમયે જમીનમાં મીઠું નાખવું, દૂધ પાણી કે જે આપણે શંકર અભિષેક માટે વાપરીએ છીએ, એનો પ્રયોગ કરવાથી વીટામીન સી વાળા ફળ વધુ ઉગે છે, આ બધું જમીનને સ્વસ્થ રાખે એવા નાના પ્રયોગ છે, અને જે આપણે કરી શકીએ છીએ. આપણને એમ થાય કે આપણે ક્યાં ખેતી કરવી છે! પણ આ બધું જમીનમાં ઉતરશે તો દિવસે ને દિવસે અંદરથી જે પ્લેટ સરતી જાય છે, અને જેને કારણે ભૂકંપ અને જ્વાળામુખીની શક્યતા વધે છે, એ ઘટશે. જમીનને પુરતું પાણી મળશે તો તાપમાન મેન્ટેઈન થશે, અને એ રીતે વાતાવરણ પણ સંતુલિત રહેશે. એ ઉપરાંત પીપળો, વડ, લીમડો, આંબો, આસોપાલવ, તુલસી બધા વધું ને વધું ઓક્સિજન આપતા વૃક્ષોનું વાવેતર વધારી શકાય! કમસે કમ પાંચ વૃક્ષને પાણી આપવું,એકાદ રખડતા ઢોરને ભોજન આપવું,અને પંખીને ચણ નાખવું, એટલું એક એક વ્યક્તિ કરે તો પણ પ્રકૃતિ સંવર્ધન થાય! બીજું સ્વચ્છતાનો આગ્રહ પણ જરૂરી છે! ગમે ત્યાં કચરો નાખવાથી એક જગ્યાએ કોહવાઈને વાતાવરણમાં કાર્બન મોનોક્સાઈડ તેમજ કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધારે છે એટલે કચરાનો યોગ્ય નિકાલ કરવો, પ્રકૃતિ જન્ય પદાર્થ અને પ્રાકૃતિક સૌંદર્યની જાળવણી કરવી, એટલે કે પર્વત, નદી, ડેમ, વગેરે સ્થળે ફરવા જઈએ ત્યાં કોઈપણ જાતનો કચરો નાખવો નહીં.

પ્રકૃતિ એટલે સ્ત્રી અને એ રીતે જોઈએ તો સ્ત્રી એટલે લાગણી અને આ લાગણી થકી જ પ્રકૃતિ હરીભરી રહે છે. સ્ત્રીની આંતરિક પ્રકૃતિને સંતુલનમાં રાખવા એને પ્રેમ આપવો! એટલે કે તેની લાગણીઓને માન આપવું, એની ઈચ્છા અનિચ્છા જાણવાની કોશિશ કરવી એની પર કોઈ વાત થોપવી નહીં. હવે તો દીકરીઓની બાબત સમાજ સુધરતો જાય છે,પણ અમુક વર્ગ હજી પત્ની કે પૂત્રવધૂને એટલું માન સન્માન અને પ્રેમ આપી શકતાં નથી, અને આ લાગણીની તૂટ પ્રકૃતિ રૂપી સ્ત્રીને નિરસ બનાવે છે, ફળદ્રુપતા ઘટાડે છે, અને ક્યારેક વ્યાભિચાર પણ કરાવે છે! જે સૌથી મોટો ખતરો છે, અને જે હવે શરૂ થઈ ચૂક્યો છે. માનવજાતનું અસ્તિત્વ બચાવવું હોયતો બંને રીતે પ્રકૃતિનું સંવર્ધન કરવું ખૂબ જ જરૂરી છે, એટલે કે જ્યાં પંચ મહાભૂત સાક્ષાત છે એ પ્રકૃતિ, અને જે પ્રકૃતિ રુપી સ્ત્રી પંચમહાભૂતને જન્મ આપે છે, એ પ્રકૃતિનું સંવર્ધન અને સંરક્ષણ જરૂરી છે, લાગણી રૂપી ખાતરથી એને પાછી વાળી શકાય તેમ છે. બીજું કંઈ નહીં તો રોજ કંઈક ને કંઈક કોઈને પણ આપીને પછી આપણે ભોગવવું એવું નાનકડું એક વ્રત પણ બધી જ રીતે આપણને ખૂબ જ મદદરૂપ થાય છે, નિત્ય અનુસરવામાં આવે તો સંકલ્પ પણ પૂર્ણ થાય. આપણે સૌ વ્રતની રીતે પ્રકૃતિ સંરક્ષણ અને સંવર્ધન પૂર્ણ કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### વિકૃત હવખસખોરોના બળજબરી, પજવણીના બે ચોંકાવનારા કિસ્સા

# તબેલાના માલિકે પહેલા નોકરી દીધી પછી આબરૂ લુંટી

### મહિલા અને તેના પતિને દેખભાળનું કામ સોંપ્યા બાદ મહિલા સાથે બળજબરીઃ બ્લેકમેઈલીંગ, વારંવાર શોષણઃ બીજા બનાવમાં પરિણીતાને બિભત્સ વિડીયો, મેસેજ મોકલી વિકૃત શખ્સ દ્વારા હેરાનગતિ

રાજકોટ તા. ૯

સગીરાઓ, યુવતિઓ, વિદ્યાર્થીનીઓ અને પરણેલી કે વિધવા મહિલાઓને ફસાવીને લેભાગુઓ તેની જિંદગી બગાડી નાખતા હોવાના કિસ્સા અવાર-નવાર સામે આવતા રહે છે. વધુ એક આવો બનાવ નોંધાયો છે જેમાં મહિલાને અને તેના પતિને તબેલાની દેખબાળની નોકરીએ રાખ્યા બાદ તબેલાના માલિકે નજર બગાડી હતી અને તેણીને ધમકાવી શારીરિક શોષણ કરી બાદમાં બ્લેકમેઈલ કરી વારંવાર બળાત્કાર ગુજારતાં અંતે મહિલાએ પોલીસને જાણ કરતાં ગુનો દાખલ થયો હતો. બીજા બનાવમાં એક પરિણીતાને વિકૃત શખ્સે સતત બિભત્સ મેસેજ, વિડીયો મોકલી પરેશાન કરી પજવણી કરતાં મહિલાએ પોલીસની મદદ લીધી હતી. પણ પોલીસે કાર્યવાહી ન કરતાં આ શખ્સ ફરીથી મહિલાને મેસેજ મોકલવા માંડતાં ફરી વખત પોલીસને જાણ કરાઇ હતી.

દૂષ્કર્મની ઘટનાની વિગતો જોઇએ તો વડોદરાના પાદરા તાલુકાના પાટોદ ગામની એક મહિલાએ સમીયાલા ગામના તબેલા માલિક વિરુધ્ધ લાંબા સમયથી ચાલતા શારીરિક શોષણ, બ્લેકમેલિંગ અને ધમકી અંગે પાદરા પોલીસ સ્ટેશનમાં ગંભીર ફરિયાદ નોંધાવી છે. મહિલાના પતિને તબેલા માલિકે પોતાનાં ઘોડા અને ભેંસોની દેખભાળ માટે નોકરી આપેલી. થોડા સમય બાદ તબેલા માલિકે મહિલાને પણ કામ માટે બોલાવી હતી. મહિનામાં એક દિવસ સવારે જ્યારે મહિલા તબેલે એકલી ગઈ હતી ત્યારે તબેલા માલિકે ઓરડીમાં ધકેલી બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું. આરોપી દ્વારા મહિલાના ફોટા ખેંચી અને તેને ધમકી આપી કે જો તે કોઈને કહેશે તો ફોટા વાયરલ કરી દેશે તથા તેના પતિને નોકરીમાંથી કાઢી મુકશે અને બાળકોને નુકસાન પહોંચાડશે.



આ ઉપરાંત ફરિયાદમાં વધુ જણાવાયું છે કે આરોપી દ્વારા વારંવાર તબેલે બોલાવી બ્લેકમેલ કરીને શારીરિક શોષણ કરવામાં આવ્યું હતું. એટલું જ નહીં, આરોપી મહિલાને પોતાની ગાડીમાં લઈ જઈ અન્ય જગ્યાએ પણ દુષ્કર્મ આચરતો હતો. આ સમગ્ર ગાળામાં મહિલાએ સમાજમાં બદનામીના ડરથી મૌન જાળવ્યું હતું. જ્યારે આરોપી મહિલા માટે નહિ પરંતુ તેની દિકરી માટે પણ આવું જ દુષ્કર્મના ઈરાદે બોલાવવાનો -યાસ કરવા લાગ્યો, ત્યારે મહિલાએ આખરે તેના પતિને સમગ્ર હકીકત જણાવી હતી. જે બાબતે પતિએ હિંમત આપી અને ફરિયાદ કરવા પ્રોત્સાહન આપ્યું હતું. મહિલાની ફરિયાદના આધારે પાદરા પોલીસ સ્ટેશને સમીયાલા ગામના તબેલા માલિક અબ્દુલભાઈ ઉર્ફે મુન્નો હાજીમહંમદ ઘાંચી વિરૂધ્ધ ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બીજા બનાવમાં વડોદરાના ડેસર તાલુકાની એક પરિણીતાને બિભત્સ વીડિયો મોકલી હેરાન કરતાં એક યુવાન સામે પોલીસને ફરિયાદ કરવા છતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી નહી કરતાં યુવાનને છુટો દોર મળી ગયો છે અને તે ફરીથી પરિણીતાને બિભત્સ માંગણીઓ સાથે હેરાન પરેશાન કરવા લાગ્યો છે. આ અંગેની વિગત એવી છે કે ડેસર તાલુકામાં રહેતી એક પરિણીતાના મોબાઇલમાં વોટ્સએપ પર જાન્યુઆરી માસમાં મયુર માંગરોલીયા નામ વોટ્સએપ પર જણાય તે નંબર પરથી હાય લખીને એક મેસેજ આવ્યો હતો. આ શખ્સ સમાજનો લાગતા પરિણીતાએ જય માતાજી લખ્યું હતું. બાદમાં અજાણ્યા શખ્સ દ્વારા પરિણીતાના મોબાઇલ પર વીડિયો કોલિંગ કરી તેમજ મેસેજ કરી બિભત્સ વીડિયો બતાવી હેરાન કરવાનું શરૂ કરાયું હતું.

અજાણ્યા શખ્સથી ત્રાસીને પરિણીતા કોઠી કચેરી ખાતેના સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન પહોંચી હતી પરંતુ ત્યાંથી ડેસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપવા જણાવતા પરિણીતાએ ડેસર પોલીસમાં અરજી આપી હતી. પોલીસે ફરિયાદ દાખલ કરી ન હતી અને મોબાઇલ પર પજવતા શખ્સની ધરપકડ માટે કોઇ કાર્યવાહી નહી કરતાં આખરે ફરીથી આઇ લવ યુ જેવા મેસેજો કરી ફરીથી બિભત્સ વીડિયો અને મેસેજો મોકલવાનું શરૂ કર્યું હતું. આ અંગે પરિણીતાએ ડીએસપીને મળીને ફરિયાદ કરતા ડીએસપીએ ડેસર પોલીસને તાત્કાલિક કાર્યવાહી કરવાની સુચના આપી હતી. આ મામલે તપાસ શરૂ થઇ છે.

# નાસ્તા ફરતા આરોપી નૌશાદ કોચલીયાને પકડી પાડતી એ ડિવિઝન

### કોર્ટમાંથી સજા પડેલી હોય તેવા આરોપીઓને શોધી કાઢવા પોલીસ કમિશનરનો આદેશ

રાજકોટ, તા. ૯

સજાના વોરંટમાં નાસ્તા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે હાલ પોલીસ કમિશનર તથા અધિક પોલીસ કમિશનર દ્વારા ખાસ સુચના આપવામાં આવી રહી છે અને સંબંધિત વિભાગના પોલીસ મથકોને પણ સૂચિત કરવામાં આવ્યા છે કે આ પ્રકારના જે પણ આરોપી હોય અને જેઓને કોર્ટમાંથી સજા પણ પડેલી હોય તે તમામ આરોપીઓને તાકીદે શોધવામાં આવે. જે વાતની ગંભીરતાને ધ્યાને લઈ એ ડિવિઝન પોલીસના પીઆઇ બોરીસાગર ના સીતા જ માર્ગદર્શન હેઠળ ડિ સ્ટાફના પીએસઆઇ એસએમ રાણા તથા સર્વિલન્સ કોડના કર્મચારીઓ જ્યારે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ કરતા હતા તે દરમિયાન કોડના હેડ કોન્સ્ટેબલ મહેશ ચાવડા તથા ધર્મેશભાઈ ને સચોટ બાદમે મળી



હતી જેના આધારે સજાના વોરંટ માં નાસ્તા ફરતા આરોપી નવસાદભાઈ હમીરભાઇ કોચલીયા ને પકડી પાડવામાં આવ્યો.

નવસાદ કોચલીયા જે નોકરી કરે છે અને કિસાનપરા ચોક વિસ્તારમાં રહે છે તેને એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ જે.એસ પ્રજાપતિ ની કોર્ટમાં ફોજદારી કેસ અંતર્ગત નેગોસેબલ એક્ટના કામે આરોપીને પકડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી ત્યારે આ કામગીરીમાં એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઇ બોરીસાગર, પીએસઆઇ એસ.એમ રાણા, એએસઆઈ બી.વી ગોહિલ, એમ એસ મકવાણા, તથા હેડ કોન્સ્ટેબલ કલ્પેશ બોરીચા, સાગર માવદીયા, મહેશ ચાવડા, કનુભાઈ બસિયા, ધારાભાઈ ગઢવી સહિતનો સ્ટાફ કામગીરીમાં જોડાયો હતો.

### નવા શૈક્ષણિક સત્રથી જ નિયમની થશે અમલવારી : જન્મ અને મરણ પ્રમાણપત્રોમાં પણ સમાન પેટર્ન લાગુ

# LC-જન્મ પ્રમાણપત્રમાં અટક ફરજિયાત પાછળ લખવા શિક્ષણ વિભાગનો આદેશ

રાજકોટ, તા. ૯

ગુજરાતના શિક્ષણ વિભાગે એક મહત્વપૂર્ણ પરિપત્ર જાહેર કરીને જણાવ્યું છે કે, જૂન ૨૦૨૫ થી રાજ્યની તમામ સરકારી પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલોમાં બાળકોને આપવામાં આવતા શાળા છોડયાના પ્રમાણપત્રમાં અને નવા પ્રવેશ લેતા બાળકોના જનરલ રજિસ્ટરમાં હવેથી બાળકનું આખું નામ લખવામાં નામના અંતે અટકનો ઉલ્લેખ ફરજિયાતપણે કરવો પડશે. આ નિર્ણય અઝઅઅછ ઈંઉ ની કામગીરી અને આધાર કાર્ડ સાથે બાળકોના નામ મેપિંગની ચાલી રહેલી પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે, જેથી તમામ દસ્તાવેજોમાં નામની એકરૂપતા જળવાઈ રહે. ગુજરાત સરકારના નાયબ મુખ્ય રજિસ્ટ્રાર દ્વારા પણ જન્મ અને મરણ નોંધણી એકમો પર એકસૂત્રતા જળવાઈ રહે તે માટે એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. આ પરિપત્રમાં સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે, જન્મ અને મરણ પ્રમાણપત્રોમાં સૌ પ્રથમ વ્યક્તિનું નામ, ત્યાર પછી મિડલ નેમ એટલે કે પિતા/માતા અથવા પતિનું નામ અને છેલ્લે અટક લખવાની રહેશે.





અગાઉ આ પ્રકારની કોઈ ચોક્કસ માર્ગદર્શિકા ન હોવાને કારણે લોકો જન્મ મરણના દાખલા અને આધારકાર્ડમાં પોતાની રીતે નામ કે અટક લખાવતા હતા. આના કારણે સરકારને આઈડી અપડેટ કરવામાં અને ડેટા લિંક જનરેટ કરવામાં સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો. આ સમસ્યાને દૂર કરવા માટે હવેથી તમામ દસ્તાવેજોમાં નામ લખવાની એકસરખી પેટર્ન લાગુ કરવામાં આવી છે. આ નવા નિયમો હેઠળ, બાળકના પિતા અને માતાની કોલમમાં પણ સૌ પ્રથમ નામ, ત્યાર પછી મિડલ નેમ અને છેલ્લે અટક લખવાની સૂચના આપવામાં આવી છે. આ નિર્ણયથી મહાનગરપાલિકાઓ દ્વારા ઈશ્યુ થતા જન્મ મરણના પ્રમાણપત્રોમાં નામ અને સરનેમ પહેલાં લખવા મામલે ઊભી થતી મૂંઝવણ અને ફરિયાદોનો અંત આવશે. આને 'યુનિફોર્મ સિવિલ કોડ'ની જેમ 'યુનિફોર્મ નામકરણ પોલિસી' તરીકે પણ જોઈ શકાય છે.

આધારકાર્ડમાં પણ નવા નિયમો મુજબ નામની પેટર્ન અપનાવવી પડશે. જોકે, સરકારે સ્પષ્ટતા કરી છે કે જે લોકો પાસે જૂની સિસ્ટમવાળા આધારકાર્ડ છે, તેમણે અત્યારે કોઈ સુધારો કે ફેરફાર કરવાની જરૂર નથી. પરંતુ, જ્યારે ભવિષ્યમાં આધારકાર્ડમાં કોઈ ફેરફાર કરવાનો થાય અથવા નવું આધારકાર્ડ કઢાવવાનું થાય, ત્યારે આ નવી સિસ્ટમનું પાલન કરવું પડશે. એટલે કે, નવું નામ, ત્યાર બાદ પિતાનું નામ અને છેલ્લે અટક લખવાની સૂચના અમલમાં આવશે. જન્મ મરણના કોમ્પ્યુટરાઈઝ્ડ પ્રમાણપત્ર માટે ઈ ઓળખ ગુજરાત સિવિલ રજિસ્ટ્રેશન સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે. જેના આઈડી પાસવર્ડ જે તે જિલ્લાના ગઈઈ ઓફિસર આપશે. બાળકના જન્મના ૨૧ દિવસ પછી જન્મનું પ્રમાણપત્ર કઢાવી લેવું ફરજિયાત છે. આ નિયમોનો હેતુ દસ્તાવેજોમાં એકરૂપતા અને પારદર્શિતા લાવવાનો છે.

# પિતા સાથે ઝઘડનારા કુટુંબી ભાઈને ટપારતાં યુવાનને છરી ઝીંકાઇ

રાજકોટ, તા. ૯

મારામારીની અન્ય એક ઘટનામાં હળવદમાં બસ સ્ટેશન પાસે રહેતાં પાંત્રીસ વર્ષના પ્રકાશભાઇ મગનભાઇ પરમાર નામના યુવાનને તેની બાજુમાં જ રહેતાં કુટુંબી ભાઇ જયેશ કાળુભાઇ પરમારે ઝઘડો કરી છરીથી ઇજા પહોંચાડી પથ્થરમારો કરી ઘાયલ કરતાં હળવદ સારવાર લઇ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે હળવદ પોલીસને જાણ કરી હતી. પ્રકાશભાઇના કહેવા મુજબ પોતે ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. તેના પિતા ઘરે હતાં ત્યારે પડોશમાં રહેતો કુટુંબીભાઇ જયેશ ગાળો બોલતો હોઇ પિતાએ સમજાવતાં તેની સાથે માથાકુટ કરી હતી. પોતે ઘરે આવતાં આ બનાવની જાણ થતાં તેણે સરા રોડ પર સતનામ કોમ્પલેક્ષ પાસે જયેશ મળી જતાં શા માટે પિતા સાથે ઝઘડો કર્યો? તેમ પુછતાં ઉશ્કેરાઇ જઇ હુમલો કર્યો હતો. હળવદ પોલીસે ફરિયાદ નોંધવા તજવીજ કરી હતી.

# જિલ્લાના ત્રણ તાલુકામાં પાણી પુરવઠાના પાંચ લાખના વિકાસ કામોને મંજૂરી

રાજકોટ, તા. ૯

રાજકોટ જિલ્લામાં સરકારના ઓગ્મેન્ટેશન ઇન જનરલ રૂરલ એરીયા કાર્યક્રમના અમલીકરણ માટે જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ કાર્યરત છે. જેની બેઠકમાં કલેક્ટર પ્રભવ જોષીના અધ્યક્ષસ્થાને ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અન્વયે કુલ રૂ. ૪૪,૨૪,૪૨૧ના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ છે. જે પૈકી ઉપલેટા તાલુકાના મેખાટીંબી ગામમાં રૂ. ૭૩,૦૦૦ના ખર્ચે હયાત બોર પર અને કોટડાસાંગાણી તાલુકાના રાજપરા ગામમાં રૂ. ૫૪,૦૪૧ના ખર્ચે હયાત કુવા પર પમ્પીંગ મશીનરી તેમજ લોધીકા તાલુકાના રાતૈયા ગામમાં રૂ. ૪,૬૬,૬૯૩ના ખર્ચે નવા બોર તથા પમ્પિંગ મશીનરીની કામગીરી થશે. આમ, ઉપલેટા, કોટડાસાંગાણી અને લોધીકા તાલુકામાં ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અન્વયે રૂ. ૫,૯૩,૭૩૪ના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ છે, તેમ જિલ્લા જળ અને સ્વચ્છતા એકમની યાદીમાં જણાવાયું છે.

### અઢી અક્ષરના પ્રેમ વિશે કેટકેટલુય કહેવાયુ છે...પ્રેમ આંધળો હોય, પણ ક્યારેક પ્રેમીઓ બની જાય છે અંધ!

# જયસુખ અને અફસાનાની પ્રેમકહાનીનો કરૂણ અંત

### બંનેને સંતાનો પણ હતાંઃ પરિવારોની પરવા કર્યા વગર ભાગી નીકળ્યાઃ પછી સજોડે ઝેરના પારખા કર્યા, આ પારખા જીવલેણ નીવડ્યા

રાજકોટ, તા. ૯

પ્રેમ એટલે શું? પ્રેમ માટે અનેક પ્રકારની વ્યાખ્યાઓ અલગ અલગ લેખકો, કવિઓએ પોતપોતાની રીતે કરી છે. અઢી અક્ષરના પ્રેમને પામવા માટે પ્રેમીપંખીડાઓ કઈપણ કરતાં હોય છે. પરંતુ ઘણીવાર પ્રેમના નામે આંધળુકીયા થતાં હોય છે. એમ કહેવાય છે કે પ્રેમ આંધળો હોય છે. પરંતુ ક્યારેક એવી ઘટના સામે આવતી હોય છે જે જોતાં લાગે કે અહિ તો પ્રેમ નહિ પ્રેમીઓ જ આંધળા હતાં કે શું?! કંઇક આવો જ એક ચોંકાવનારો અને કરૂણ કિસ્સો સામે આવ્યો છે જેમાં એક પરણેલા પ્રેમી યુગલે ભાન ભુલી સમાજના બંધનો, નિયમો તોડી, પોતપોતાના સ્વજનોની સાથે દગાખોરી કરી પોતે પરણેલા હોવા છતાં પ્રેમના ખેલ ખેલ્યા હતાં. છેલ્લે બંનેએ સજોડે ઝેર પી જિંદગીથી છેડો ફાડી લેતાં બે પરિવારોના માળા વેરવિખેર થઇ ગયા હતાં. બીજી એક ઘટનામાં પોરબંદર માવતર ધરાવતી પરિણીતા રિસામણે જતાં પતિએ બીજા નિકાહ કરી તેનો વિડીયો ઇન્સ્ટાગ્રામમાં મુકતાં તે જોઇને આ પરિણીતાએ આપઘાત કરી લેતાં તેણીના પતિ, સાસરિયા વિરૂધ્ધ ગુનો નોંધાયો છે.

આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવ અમરેલી જિલ્લાના ખાંભા તાલુકામાં બન્યો છે. અહિ રહેતા ચાલીસ વર્ષના જયસુખ સાંખટ અને નાનુડી ગામની પાંત્રીસ વર્ષની અફસાના કુરેશી વચ્ચે પ્રેમસંબંધના પાંગર્યો હતો. બંને પરણેલા હતાં છતાં તેઓ એકબીજા તરફ આકર્ષિત થઇ ગયા હતાં. પણ કોઇને ખબર નહોતી કે આ પ્રેમકહાનીનો અંત અતિ કરૂણ આવશે. બંને પોતાના સમાજમાં પરણીત હતા અને સંતાનોના માતા-પિતા હતા. તેમ છતાં તેઓ વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. થોડા દિવસ પહેલા ખાંભા વિસ્તારમાંથી ભાગી ગયા હતા. મોડી રાતે રાજુલા એસ.ટી. બસ સ્ટેન્ડ પર પહોંચ્યા બાદ બંનેએ દવા પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. બંનેને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે રાજુલા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ત્યાંથી તેમની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને વધુ સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં સારવાર દરમિયાન બંનેના મોત થયા છે. હાલ બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતાં અને પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. અહિ જયસુખ અને અફસાના બંને અગાઉથી



**પત્નિ રિસામણે જતાં પતિએ બીજા નિકાહ કરી વિડીયો ઇન્સ્ટાગ્રામમાં મુક્યો તે જોઇને પત્નિનો આપઘાતઃ પતિ-સાસરિયા સામે દાખલ થઇ FIR**

પરણીત હતા અને સંતાનો ધરાવતા હોવા છતાં ભાન ભુલ્યા હતાં અને પ્રેમસંબંધમાં જોડાયા હતા. આ સંબંધને મજબૂત બનાવવાના ઈરાદે કે કાયમી નામ આપવાના ઈરાદે તેઓ પોતાના સ્વજનો, સંતાનો, પરિવારોને મુકીને ભાગી નીકળ્યા હતા. પણ પછી એક નહિ થઇ શકાય એવુ લાગતાં કે પછી ભુલ સમજાતાં બંનેએ સજોડે ઝેરના પારખા કર્યા હતાં. આ પારખા જીવલેણ નીવડ્યા હતાં. આ ઘટનાએ બે પરિવારોના માળા વિખેરી નાખ્યા છે અને આ પ્રકારના પ્રેમમાં આંધળાભીંત બની જતાં હોય તેની સામે લાલબત્તી પણ ધરી છે.

બીજી એક આત્મહત્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં પોરબંદરના રાણાવાવ ગામે રહેતી એક યુવતીના લગ્ન રાજકોટ થયા હતા. તે રિસામણે આવી ત્યારે તેના પતિએ બીજા નિકાહ કર્યાનો વીડિયો ઈન્સ્ટાગ્રામમાં મૂકતા તેણે આપઘાત કરી લીધો હતો. આ મામલે યુવતીના પરિવારે પુત્રીને મરવા માટે મજબૂર કર્યાની સાસુએ જમાઇ સામે ફરિયાદ નોંધાવી છે. રાણાવાવની કસ્બાતી જમાતખાના પાછળ રહેતા રજાક મુલ્લાના પત્ની ખેરૂનબેન દ્વારા રાણાવાવ પોલીસ મથકમાં એવી પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે કે, તેની પુત્રી મેમુદાના લગ્ન રાજકોટના ભાવનગર રોડ પર રહેતા સમીર જુણેજા સાથે થયા હતા.

એક વર્ષ સુધી સારી રીતે ઘરસંસાર ચાલ્યા પછી સમીર દારૂના રવાડે ચઢી ગયો હતો. તે દારૂ પીને મેમુદાને અવારનવાર ઘરકામ કરવા બાબતે અને શારિરીક માનસિક દુંખ ત્રાસ આપતો હતો અને મારકૂટ પણ કરતો હતો. તેથી છ મહિના પહેલા મેમુદા પીયરીયે રીસામણે આવી હતી અને ભરણ પોષણનો કેસ દાખલ કર્યો હતો. આ દરમિયાન ખેરૂનબેન રાજકોટ હતા ત્યારે દીકરી મેમુદાનો ફોન આવ્યો હતો અને તેમણે રડતા રડતા કહ્યું કે, "મમ્મી, મારા પતિ સમીરે બીજા નિકાહ કરી લીધા છે, જેનો વીડિયો મેં અત્યારે ઈન્સ્ટાગ્રામમાં જોયો છે.

સમીરે મારી જિંદગી બગાડી નાખી છે. હું કોઈપણ રીતે તેને છૂટાછેડા આપવા માંગતી નથી. પરંતુ હવે સમીરે બીજા લગ્ન કર્યા હોવાથી મારે મરવાનો વારો આવ્યો છે હું મરી જઈશ. આ પ્રકારની દીકરીની વાત સાંભળીને માતાએ પુત્રીને સમજાવી હતી, પરંતુ ત્યારબાદ મેમુદાએ ઝેરી દવા પી લીધી હતી અને સારવાર માટે પોરબંદરની ખાનગી હોસ્પિટલમાં લઇ જવાઇ હતી, ત્યાં પાંચ દિવસની સારવાર બાદ જામનગરની જીજી હોસ્પિટલમાં લઇ જવાઈ હતી. જ્યાં સારવાર દરમિયાન મોત થયું હતું. જેથી પુત્રીને મરવા મજબૂર કરનાર જમાઈ સામે પોલીસ ફરિયાદ નોંધાવતા આગળની તપાસ પોલીસે હાથ ધરવામાં આવી છે.

### કાળ ક્યાં ક્યારે કેવી રીતે ભેટી જાય તેની ખબર નથી હોતી કાળા માથાના માનવીને

# હિટ એન્ડ રનઃ બે પરિવારે ગુમાવી દીધા કંધોતર-આધારસ્તંભ

### રાજકોટ રેલનગરનો છવ્વીસ વર્ષનો યુવાન આણંદ માનતા ઉતારવા ગયો અને વાહનની ઠોકરે ચડતાં જીવ ગયોઃ બામણબોર પાસે રસ્તો ઓળગી રહેલા યુવાન માટે અજાણ્યું વાહન કાળ બન્યું

રાજકોટ તા. ૯

અપમૃત્યુની ઘટનાઓની હારમાળા યથાવત રહી હતી. જિંદગીની સફર ક્યારે અને કેવી રીતે તેમજ કયા સ્થળે ખતમ થઇ જાય તેની કાળા માથાના માનવીને ખબર હોતી નથી. કંઇક આવી જ બે હિટ એન્ડ રનની ઘટનામાં બે પરિવારે પોતાના આધારસ્તંભ, કંધોતર ગુમાવી દીધા છે. રાજકોટનો છવ્વીસ વર્ષનો યુવાન રાજકોટથી આણંદ માનતા ઉતારવા ગયો ત્યારે હિટ એન્ડ રનમાં તેના ટુવ્હીલરને અજાણ્યો વાહનચાલક અડફેટે લઇ ભાગી જતાં તેનું મોત થયું હતું. બીજા કિસ્સામાં બામણબોર પાસે રસ્તો ઓળંગી રહેલા ફિલરમેન એવા બામણબોરના યુવાનનો જીવ ગયો હતો. ત્રીજા બનાવમાં પતિના મોટરસાઇકલ પાછળથી પડી જતાં દડવા રાંદલ ગામના વૃધ્ધાનો જીવ ગયો હતો. ચોથા બનાવમાં હાર્ટએટેકથી સાણથલી ગામે રહેતાં પોસ્ટમેનની જિંદગી ખતમ થઇ ગઇ હતી.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો રાજકોટથી મોટરસાઇકલ હંકારી આણંદ ખાતે માનતા પુરી કરવા ગયેલા યુવાનનું આણંદ નજીક હિટ એન્ડ રનની ઘટનામાં મોત થયું છે. તેની સાથે બાઇકમાં બેઠેલા તેના મામાના દિકરાને ઇજા થતાં સારવાર હેઠળ છે. મૃત્યુ પામનાર યુવાન માતા-પિતાનો એકનો એક પુત્ર હતો. વધુ માહિતી અનુસાર રેલનગર ઘનશ્યામ રેસીડેન્સી-૨૯/૨માં રહેતો છવ્વીસ વર્ષનો પવન દિલીપકુમાર મંધાણી ગત આઠમી તારીખે આણંદના અમુલ ચોકલેટ પ્લાન્ટ નજીક બાઇક હંકારીને જતો હતો ત્યારે તેની પાછળ આણંદ રહેતો તેના મામાના દિકરો પચ્ચીસ વર્ષનો દિપકભાઇ મહેશલાલ બાલચંદાણી પણ બેઠો હતો.

આ મોટરસાઇકલને કોઇ અજાણ્યો વાહનનો ચાલક ઠોકરે લઇ ભાગી જતાં બંને મામા-ફઇના ભાઇઓને ગંભીર ઇજા થતાં આણંદ અને ત્યાંથી અમદાવાદ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. ત્યાંથી વધુ સારવાર માટે પવનને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. અહિ સવારે તેનું મોત નિપજતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ અને તૌફિકભાઇ જુણાચે જરૂરી કાર્યવાહી કરી આણંદ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર પવન એક બહેનથી નાનો અને માતા-પિતાનો એક જ પુત્ર હતો. તેના પિતા ફ્રુટ વેંચી ગુજરાન ચલાવે છે. પવનને નોકરી મળી જાય એ માટે થઇને આણંદ રહેતાં તેના મામા મહેશલાલ હરૂમલ બાલચંદાણીએ આણંદ નજીક મેલડી માતાના મંદિરે પગે લાગવાની માનતા રાખી હતી. કાપડની દૂકાનમાં નોકરી મળી જતાં પવન માનતા ઉતારવા ગયો હતો. સાથે આણંદથી મામાનો દિકરો પણ ગયો હતો. બંને દર્શન કરી પરત આવી રહ્યા હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. યુવાન કંધોતર ગુમાવતાં પરિવારના લોકોમાં કાળો કલ્પાંત સર્જાયો હતો.




બાબરા પાસે પતિના ટુવ્હીલરમાંથી પટકાતાં વૃધ્ધાનો જીવ ગયો
સાણથલી ગામના પોસ્ટમેનને દિલ દગો દઇ જતાં જિંદગી થઇ ખતમ

જીવલેણ હિટ એન્ડ રનની બીજી ઘટનામાં રાજકોટના બામણબોર નજીક હિટ એન્ડ રનના બનાવમાં બામણબોર રહેતાં અને પેટ્રોલ પંપમાં ફિલરમેન તરીકે નોકરી કરતાં યુવાનનું ગંભીર ઇજા થતાં મોત નિપજ્યું હતું. વિશેષ વિગતો અનુસાર બામણબોરમાં રહેતાં દિનેશભાઇ વાઘજીભાઇ રોજાસરા નામના ચાલીસ વર્ષના યુવાન રાજકોટ-અમદાવાદ હાઇવે પર ઓપ્પો પૂજારાના હોર્ડિંગ નજીક રસ્તો ઓળંગી રહ્યા હતાં ત્યારે કોઇ અજાણ્યા વાહનનો ચાલક ઠોકરે લઇ ભાગી જતાં ગંભીર ઇજા થતાં ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ. પરંતુ અહિ ટુંકી સારવારને અંતે મૃત્યુ થયું હતું. સિવિલ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇ, શક્તિસિંહે જાણ કરતાં એરપોર્ટ પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર દિનેશભાઇ જ્યાં બનાવ બન્યો ત્યાં નજીકમાં જ આવેલા પેટ્રોલ પંપમાં ફિલરમેન તરીકે નોકરી કરતાં હતાં.

દિનેશભાઇ રસ્તો ઓળંગી રહ્યા હતાં ત્યારે બનાવ બન્યો હતો. તે ત્રણ બહેન અને બે ભાઇમાં ચોથા હતાં. સંતાનમાં બે પુત્રો છે જેણે પિતાની છત્રછાંયા ગુમાવી છે. એરપોર્ટ પોલીસે મૃતકના નાના ભાઇ સંજયભાઇની ફરિયાદ પરથી અજાણ્યા વાહન ચાલક સામે કાર્યવાહી કરવા અને તેને શોધવા સીસીટીવી કેમેરા ચેક કરવા કવાયત શરૂ કરી હતી.

ત્રીજા બનાવમાંઅમરેલનીા કુંકાવાવ તાબેના રાંદલ દડવા ગામે રહેતાં વૃધ્ધાનું પતિના બાઇક પાછળથી પડી જતાં ગંભીર ઇજા થવાથી મોત થયું હતું. રાંદલ દડવા ગામે રહેતાં પાંસઠ વર્ષના રંજનબેન ગીરધરભાઇ બરવાડીયા પતિ ગિરધરભાઇના બાઇક પાછળ બેસીને વાદડીયા ગામે ગયા હતાં. ત્યાંથી પરત બંને દડવા આવી રહ્યા હતાં ત્યારે બાબરા ચરખડી વચ્ચેના રસ્તા પર તેઓ રોદો આવતાં બાઇક પાછળથી પડી જતાં ગંભીર ઇજા થતાં બાબરા સારવાર અપાવી રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમનું મૃત્યુ થયું હતું. ખાનગી હોસ્પિટલ મારફત જાણ થતાં ભક્તિનગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી સ્થાનિક પોલીસને જાણ કરી હતી.

ચોથા બનાવમાં દિલ દગાખોર બની ગયું હતું. જસદણના સાણથલી ગામે રહેતાં અને ગોંડલના વાસાવડમાં પોસ્ટમેન તરીકે ફરજ બજાવતાં સત્તાવન વર્ષના મુકેશભાઇ શીવશંકર રાજ્યગુરૂ પોતાના ઘરે હતાં ત્યારે બેભાન થઇ જતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમણે સારવાર દરમિયાન દમ તોડી દેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇ અને શક્તિસિંહે આટકોટ પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર મુકેશભાઇ ચાર ભાઇમાં ત્રીજા હતાં. સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. હાર્ટએટેક આવી ગયાનું પરિવારજનોએ જણાવતાં પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.




# ૧૫ વર્ષના બાળકને દિલ્હીથી શોધી કાઢતી ભક્તિનગર પોલીસ

### બનાવની ગંભીરતાને ધ્યાને લઇ ૩૬ કલાક માંજ કામગીરી કરવામાં આવી

રાજકોટ, તા. ૯

ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં પાંચ જૂન ના રોજ ફરિયાદી દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી હતી કે ૧૫ વર્ષીય તેમના દીકરા ને કોઈ અજાણ્યા ઈસમ દ્વારા લલચાવી લાલ જ આપી કે અન્ય કોઈ ઈરાદે તેમનું અપહરણ થઈ ગયું હોવાનું જણાવ્યું હતુ જે બાદ ફરિયાદના આધારે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સહિતા ના અધિનિયમ કલમ ૧૩૭ બે મુજબનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ અને ફરિયાદના આધારે પોલીસ કમિશનર દ્વારા ખાસ સુચનાઓ આપવામાં આવી હતી અને ગુન્હા ની ગંભીરતાને ધ્યાને લઈ ભોગ બનનાર બાળકને કોઈ નુકસાન ન થાય તે પહેલા ચોરી લેવા જણાવવામાં આવ્યું હતુ.

જે બાદ ભક્તિનગર પોલીસ દ્વારા પોલીસ ઈન્સ્પેક્ટર મયુર તંત્રી સરવૈયાના માર્ગદર્શન હેઠળ સંવેદન પીએસઆઇ ગોહિલ તથા અન્ય સ્ટાફ દ્વારા ચોક્કસ બાદ મહિના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી અને ભોગ બનનાર બાળક સુરેન્દ્રનગર ખાતે હોવાનું માલુમ પડ્યું હતું. જેથી સુરેન્દ્રનગર તપાસ કરતા બાળક મળી આવ્યું ન હતુ તે દરમિયાન ફરી વખત ટેકનિકલ સોરસીસ નો ઉપયોગ કરી બાળક મહેસાણા બાદ અમદાવાદ તરફ હોવાનું જાણવા મળ્યું જેથી મહેસાણા અને અમદાવાદ રેલવે સ્ટેશન તથા બસ સ્ટેશન ખાતે તપાસ કરવામાં આવી હતી પરંતુ બાળક દિલ્હી ગયું હોવાનું માલુમ પડ્યું જે બાદ ગુનહાની ગંભીરતાને ધ્યાને લેતા પોલીસની ટીમ જેમાં કોન્સ્ટેબલ મહાવીર સિંહ તથા પ્રકાશભાઈ દિલ્હી તપાસ જવા રવાના થયા હતા.

તેઓએ દિલ્હી ખાતે ન્યુ દિલ્હી એરપોર્ટ, મેટ્રો રેલવે સ્ટેશન તથા આજુબાજુની હોટલમાં બાળક બાબતે તપાસ કરતા બાળક પહરગંજ વિસ્તારમાં હોવાની બાતમી મળી હતી જે બાદ બંને કોન્સ્ટેબલ જાહેર થયેલ વિસ્તારમાં પહોંચ્યા હતા અને તમામ હોટલો તથા હોટલની આસપાસ ઉભી રહેતી ટેક્સી ચાલક અને રીક્ષા ચાલકને બાળક બાબતે પૂછપરછ કરતા નોઈડા વિસ્તારમાં જોયેલી માહિતી મળી હતી જેથી તપાસમાં ગયેલ પોલીસ સ્ટાફ નોઈડા વિસ્તારમાં જઈ જુદા જુદા સેક્ટરમાં હોટલો તથા ટેક્સી સ્ટેન્ડમાં બાળક બાબતે તપાસ કરવામાં આવી હતી અને મેટ્રો રેલવે સ્ટેશન ખાતે તપાસ કરતાં બાળક ત્યાંથી જ મળી આવ્યું હતું. ત્યારે પોલીસ સ્ટાફે ૧૫૦૦ કિલોમીટરનું અંતર કાપી ૩૬ કલાકમાં જ બાળકને શોધી કાઢવામાં આવ્યું.

# યુનિવર્સિટી રોડ પરથી ૧.૫૩ લાખના દારૂ સાથે શખ્સ ઝડપાયો

### આરોપી સુનિલ ડુબે વિરોધ અગાઉ પણ પ્રધુમન નગર તથા ગાંધીગ્રામ બે યુનિવર્સિટીમાં નોંધાયા ગુન્હાઓ : હજુ એક આરોપી જગદીશ રબારી ફરાર ગોતવા તજવીજ

રાજકોટ, તા. ૯

રાજકોટ શહેર અને જિલ્લામાં દારૂના અનેક કિસ્સાઓ સામે આવી રહ્યા છે ત્યારે પ્રોહિબિશનના જે અનડિટેક્ટ ગુનાઓ હોય અથવા તો મિલકત સંબંધી કે પછી શહેર વિસ્તારમાં થયેલ વાહન ચોરી, ઘરફોડ ચોરી, જે ઝડપ જેવા ગુનાઓ નું ઝડપી નિવારણ લાવવા માટે ઝડપી કામગીરી કરવા માટે પોલીસ કમિશનર દ્વારા સૂચિત કરવામાં આવ્યા છે ત્યારે ક્રાઈમ બ્રાન્ચ ની ટીમ દ્વારા યુનિવર્સિટી રોડ, રોયલ પાર્ક શેરી નંબર આઠમાં યર્શિલિફ ગાડીમાંથી ૧.૫૩ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો અને ઇસમની પણ ધરપકડ કરાય.



શહેરના યુનિવર્સિટી રોડ પર રોયલ પાર્કમાંથી ક્રાઈમ બ્રાંચની ટીમે રૂ.૧.૫૩ લાખની કિંમતની વિદેશી દારૂ ભરેલી અર્ટીકા કાર સાથે બુટલેગરની ધરપકડ કરી હતી. પુછપરછમાં સપ્લાયર તરીકે સુરેન્દ્રનગરનાં રબારી શખ્સનું નામ ખુલ્યું છે. જેની ધરપકડ માટે તજવીજ હાથ ધરાઈ છે.

મળતી વિગતો મુજબ, શહેરના યુનિવર્સિટી રોડ પર રોયલ પાર્ક શેરી નં.૮માં દારૂ ભરેલી કાર આવવાની હોવાની બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચના સ્ટાફે વોચ ગોઠવી હતી. તે દરમિયાન જીજે. ૩ એમ. આર. ૬૦૬૭ નંબરની અર્ટીકા કાર ત્યાંથી પસાર થતાં તેને અટકાવતાં કારમાંથી અલગ અલગ બ્રાંડની વિદેશી દારૂની ૨૨૦ બોટલ દારૂ મળી આવ્યો હતો. પોલીસે રૂ.૧.૫૩ લાખની કિંમતનો દારૂ અને અર્ટીક સહિત રૂ.૯.૫૪ લાખનો મુદ્દામાલ કબજે કરી અર્ટીકાના ચાલક ગુરૂજીનગર આવાસ યોજના કવાર્ટર નં.૩૬માં રહેતાં સુનિલ ઉર્ફે ભોલો સંતોષ દુબેની ધરપકડ કરી હતી જેની પુછપરછમાં આ દારૂનો જથ્થો સુરેન્દ્રનગરનાં જગદીશ રબારીએ ભરી આપ્યો હોવાનું તેણે કબુલ્યું હતું.પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહિલ અને એસીપી બી.બી. બસીયાની સુચનાથી પીઆઈ એમ. આર. ગોંડલીયાની ટીમના ચેતનસિંહ ગોહિલ, દિપકભાઈ ડાંગર, કનકસિંહ સોલંકી, ઉમેશભાઈ ચાવડા, ગીરીરાજસિંહ જાડેજા અને સુભાષભાઈ ઘોઘારીએ કામગીરી કરી હતી.

# પ્રદૂષણ-નિયમોનો ઉલાળ્યો કરતા ૩૫૧ રીક્ષા ચાલકોની રીક્ષા ડિટેઈન

### લોકોનો સ્વાસ્થ્ય ન જોખમાય અને ધ્વનિ પ્રદૂષણ ન થાય તે માટે વિશેષ ડ્રાઈવનું હાથ ધરાશે આયોજન

રાજકોટ, તા. ૯

હાલ શહેરમાં બનાવો અને જે રીતે લોકોની જિંદગી જોખમાય અને ભયજનક રીતે છકડો ચલાવનાર રીક્ષા ચાલકો પર કાયદાનો ધોકો પછાડવામાં આવ્યો છે એટલું જ નહીં પરીક્ષા ચાલકો કે જેઓ લોકોના જીવનને નુકસાન પહોંચાડતા હોય અથવા તો ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા હોય તે તમામ વિરુદ્ધ વિશેષ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું જેમાં કુલ ૩૫૧ કરવામાં આવ્યો હોવાનું માલુમ પડ્યું છે. મળતી માહિતી મુજબ પોલીસ કમિશનર તથા અધિક પોલીસ કમિશનર ના માર્ગદર્શન હેઠળ હાલ ટ્રાફિક શાખા દ્વારા એક ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે જેના ભાગરૂપે તમામ રીક્ષા તાલુકો એટલે કે જે છકડો ચલાવતા હોય તેમના વિરોધ આકરા પગલા લેવામાં આવશે અને ભવિષ્યમાં આ પ્રકારની કોઈ દુર્ઘટના ન ઘટે તેની સંપૂર્ણપણે તકેદારી પણ રાખવામાં આવશે.

છેલ્લા ઘણા સમયથી ઘણા ખરા પ્રશ્નો અને ફરિયાદો લોકોની ઉઠવા પામી છે જે અંગે ટ્રાફિક પોલીસ દ્વારા ખાસ ડ્રાઇવડો આયોજન કરવામાં આવ્યું. આ અંગે આવનારા દિવસોમાં પણ સઘન તપાસ હાથ ધરવામાં આવનાર હોવાનું પણ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. હાલ છકડા રીક્ષા ચાલકોનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે અને તેમના દ્વારા વિવિધ ટ્રાફિક નિયમો નો ભાગ પણ કરવામાં આવી રહ્યો છે ત્યારે આગામી દિવસોમાં આ પ્રકારના બનાવો ન બને અને લોકોનું આરોગ્ય અને સ્વાસ્થ્ય ન જોખમાય તે માટેના હાલ તમામ પગલાંઓ લેવામાં આવશે તેવું ટ્રાફિક પોલીસના સૂત્રોએ જણાવ્યું હતું.



# વધુ છ લોકોની જિંદગી થઇ ગઇ ખતમઃ ચારને દિલ દઇ ગયું દગો

### અન્ય બે ઘટનામાં છ મહિનાની બાળકીનું બેભાન થઇ ગયા બાદ અને સત્યાવીસ વર્ષના યુવાનનું આંચકી ઉપડ્યા બાદ મોત

રાજકોટ, તા. ૯

અચાનક આવી પડતાં પરલોકના તેડાની ઘટનાઓમાં વધુ છ લોકોની જિંદગીનો અંત આવી જતાં તેમના સગા સ્વજનો ઉંડા આઘાતમાં ગરકાવ થઇ ગયા હતાં. શહેરમાં હૃદય રોગના હુમલાથી મોતના વધુ ચાર બનાવ નોંધાયા છે. જેમાં બેંક મેનેજર સહિત ચાર લોકોના હૃદય બંધ પડી જવાને કારણે મૃત્યુ થયા હતાં.

વિગતો પર નજર કરીએ તો પોપટપરા હંસરાજનગર ગોરેશ્વર મહાદેવ મંદિર પાસે રહેતાં છેતાલીસ વર્ષના ધર્મેશભાઇ પ્રાણલાલભાઇ ટાંક પોતાનું મોટરસાઇકલ હંકારીને જતાં હતાં ત્યારે ઘર નજીક જ ચક્કર આવતાં પડી જતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમને તબિબે નિષ્પ્રાણ જાહેર કરતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. ધર્મેશભાઇ નાગરિક બેંકમાં ચીફ મેનેજર તરીકે ફરજ બજાવતાં હતાં. બનાવની જાણ થતાં પ્ર.નગરના પીએસઆઇ કે. કે. ચાવડા અને રાઇટર વિરેન્દ્રસિંહે જરૂરી કાર્યવાહી કરી હતી. હાર્ટએટેક આવી ગયાનું જાહેર થયું હતું.

હૃદય બંધ પડી જવાની બીજી ઘટનામાં રૈયા રોડ વૈશાલીનગર-૫માં રહેતાં ચૈતન્યભાઇ જેઠાલાલ જોષી નામના ચોપન વર્ષના પ્રૌઢ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. તેમને સંતાનમા એક પુત્ર અને એક પુત્રી છે. હાર્ટએટેક આવી ગયાનું જણાવાયું હતું. ગાંધીગ્રામ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. ત્રીજા બનાવમાં બેડીપરા ફાયર બ્રિગેડ પાછળ મનહરપરામાં રહેતાં છેતાલીસ વર્ષના લક્ષમણભાઇ હરજીભાઇ વાઘેલા ઘર નજીક આરએમસી વેસ્ટ ઝોન ઓફિસ પાસે રિક્ષામાં બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં



ખસેડાયા હતાં. પરંતુ અહિ મોત થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તે રિક્ષા હંકારી ગુજરાન ચલાવતાં હતાં. સંતાનમાં બે પુત્ર છે.

પોતે ચાર ભાઇ અને એક બહેનમાં નાના હતાં. હાર્ટએટેક આવી ગયાનું ખુલ્યું હતું. આ અંગે થોરાળા પોલીસે કાર્યવાહી કરી હતી. જ્યારે હાર્ટએટેકથી મોતના ચોથા બનાવમાં તેમજ નવા થોરાળા મેઈન રોડ શેરી નં ૬માં રહેતા છત્રીસ વર્ષના પ્રકાશભાઈ પ્રવિણભાઈ સોલંકી નામના યુવાનને તે બેભાન થઇજતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. થોરાળા પોલીસને જાણ કરવામાંઆવતાં હેડકોન્સ. નિલેષભાઇ ડામોર સહિતે કાર્યવાહી કરી હતી. મૃતક યુવાન અપરિણીત હતો અને બે ભાઇમાં મોટો હતો. હાર્ટએટેક આવી ગયાનું તપાસમાં ખુલ્યું હતું.

અપમૃત્યુની અન્ય બે ઘટનામાં નવજાત બાળકી અને યુવાનના મોત થયા હતાં. રેલનગર શિવમ્ પાર્ક-૬/૭ના ખુણે ક્રિષ્ના બંગ્લોઝ બી-૨માં રહેતાં મયુરસિંહ ઝાલાના છ મહિનાની વયના દિકરી નૈત્રીબાની તબિયત બગડતાં ઝનાના હોસ્પિટલમાં દાખલ કરાયેલ. પરંતુ સારવારમાં મૃત્યુ થતાં પરિવામાં શોક છવાઇ ગયો હતો. બિમારીથી મૃત્યુ થયાનું જણાવાયું હતું. આ અંગે પ્ર.નગર પોલીસે કાર્યવાહી કરી હતી. જ્યારે પાંચમા બનાવમાં નિર્મલા રોડ યોગી નિકેતન પ્લોટ આશ્રય એપાર્ટમેન્ટમાં રહેતાં મહેન્દ્ર કર્ણભાઇ સાઉદ નામના સત્યાવીસ વર્ષના નેપાળી યુવાનને આંચકી ઉપડતાં બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. ગાંધીગ્રામ પોલીસે અપમૃત્યુની નોંધ કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

### ઇલેક્ટ્રોનિક બાઇક હંકારીને દિલ્હી સુધી જવાની ઘેલછામાં છાત્રએ પરિવાર અને પોલીસને ધંધે લગાડ્યા

# અપહરણ થયાનું માની પોલીસ શોધતી'તી એ દિલ્હી પહોંચ્યો'તો!

### શહેરના ફુલના વેપારીના સગીર પુત્રને ભક્તિનગર પોલીસે હેમખેમ શોધી કાઢ્યોઃ પંદરસો કિલોમીટરની સફર ખેડી છત્રીસ કલાકમાં ટીમે સફળતા મેળવીઃ સગીર ગુમ થવાના કિસ્સામાં નિયમ અનુસાર પોલીસે અપહરણનો ગુનો નોંધ્યો હતોઃ પણ તે મળ્યો ત્યારે જાતે ગયાનું કહ્યું

રાજકોટ તા. ૯

સગીર વયના બાળકો ઘણીવાર પોતાના મગજમાં ચડી ગયેલી ધુરીને કારણે ઘણીવાર પોતે ધંધે લાગતાં હોય છે અને પરિવારજનો તેમજ પોલીસને પણ ધંધે લગાડી દેતાં હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જે સગીરો માટે લાલબત્તી સમાન પણ છે. શહેરના ફુલના એક વેપારીના પરિવારનો પંદર વર્ષનો દિકરો ગૂમ થઇ ગયા બાદ શોધખોળ કરવા છતાં પત્તો ન મળતાં પોલીસને જાણ કરવામાં આવતાં ભક્તિનગર પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ શરૂ કરતાં પગેરૂ છેક દિલ્હી સુધી નીકળ્યું હતું. પોલીસની ટીમ પંદરસો કિલોમીટર દુર પહોંચી હતી અને છત્રીસ કલાકમાં જ અપહૃતને શોધી કાઢી હેમખેમ પરિવારને સુપરત કર્યો હતો. જો કે આ સગીરે પોતાનું અપહરણ થઇ થયાનું પણ જાતે જ ઇ-બાઇક લઇ દિલ્હી જવા નીકળ્યો હોવાનું રટણ કર્યુ હતું.

વિગતો પર નજર કરીએ તો શહેરના ઢેબર રોડ વિસ્તારમાં રહેતા ફુલના વેપારીનો પંદર વર્ષનો દિકરો ગત ત્રીજી મેના રોજ ઘરેથી નીકળી ધારેશ્વર મંદિર નજીક આવેલી પિતાની દુકાને જઇ ત્યાંથી રવાના થયા પછી ગૂમ થઇ ગયો હતો. શોધખોળ કરવા છતાં પત્તો ન મળતાં ભક્તિનગર પોલીસને જાણ કરવામાં આવતાં સગીર ગૂમ થયાના કિસ્સામાં પોલીસે તુરત જ અપહરણનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. દરમિયાન અપહૃત સગીરનું લોકેશન મહેસાણા અમદાવાદ તરફ મળતાં ટૂકડી રવાના થઇ હતી. છેલ્લે આ સગીરને દિલ્હીના પહાડગંજ વિસ્તારમાંથી હેમખેમ શોધી કાઢી રાજકોટ લાવી પરિવારને સોંપતા પરિવારજનોએ પોલીસ અધિકારી અને ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો. છત્રીસ કલાકમાં જ પોલીસે અપહૃતને શોધી કાઢ્યો હતો.

જો કે હેમખેમ મળેલા સગીરે પોતાનું અપહરણ નહિ થયાનું અને જાતે જ ઇલેક્ટ્રીક બાઇક લઇ દિલ્હી જવા નીકળી ગયાનું રટણ કર્યુ હતું. પોલીસ સુત્રોએ જણાવેલી વિગતો અનુસાર ઢેબર રોડ વિસ્તારમાં રહેતાં ફુલના વેપારીએ ભક્તિનગર પોલીસમાં છઠ્ઠી મેના રોજ ફરિયાદ નોંધાવી હતી કે તેમનો પંદર વર્ષનો દિકરો કે જેણે



હાલમાં જ ધોરણ-દસની પરિક્ષા પાસ કરી છે તે તા. ૩ના રોજ બપોરે બે વાગ્યે ધારેશ્વર મંદિર નજીક આવેલી દૂકાન પાસેથી નીકળી ગયા બાદ ગૂમ થઇ ગયો છે. વેપારી બપોરે ઘરે જમવા ગયા ત્યારે દૂકાને તેમની દિકરી હતી. વેપારીને સાંજે સાડા ચારેક વાગ્યે દિકરીએ ઘરે જઇ કહ્યું હતું કે નાનો ભાઇ બપોરે પોણા ત્રણે દુકાને આવ્યો હતો અને ગોંડલ રોડની બેંકમાં પંચાવન હજાર રૂપિયા જમા કરાવવાનું કહીને નીકળી ગયો છે. આ સાંભળી વેપારી અને પરિવાજનો હાંફળા ફાંફળા થઇ ગયા હતાં. દિકરાને ફોન જોડતાં ફોન સ્વીચ ઓફ હતો. રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન સહિતના સ્થળોએ શોધખોળ કરી હતી પણ તે મળ્યો નહોતો. ભક્તિનગર પોલીસ સ્ટેશનના ઇન્સ્પેકટર મયુરધ્વજસિંહ એમ. સરવૈયા અને ટીમે ઘટનાને ગંભીર ગણી અપહરણનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. મોબાઇલ ફોનનું લોકેશન ટેકનીકલ સોર્સથી શોધતા અને હ્યુમન સોર્સની પણ મદદ લેતાં અપહૃતનું લોકેશન સુરેન્દ્રનગર તરફ આવતાં ટીમ ત્યાં દોડી ગઇ હતી.

પોલીસ ટુકડી ત્યાં પહોંચી હતી પરંતુ ત્યાંથી લોકેશન મહેસાણા-અમદાવાદ તરફ આવતાં ટીમ આગળ વધી હતી. મહેસાણા નજીકથી તેનું ઇલેક્ટ્રીક ટુવ્હીલર મળી આવ્યું હતું. વધુ તપાસ કરતાં આ બાળક ટ્રેન મારફત દિલ્હી તરફ ગયાની માહિતી મળી હતી. આથી પીએસઆઇ જે. જે. ગોહિલ, કોન્સ. મહાવીરસિંહ, મહોબ્બતસિંહ, પ્રકાશભાઇ લાલજીભાઇ સહિતના દિલ્હી સુધી પહોંચયા હતાં. જ્યાં ન્યુ દિલ્હી એરપોર્ટ, મેટ્રો રેલ્વે સ્ટેશન, આસપાસની હોટેલોમાં તપાસ કરી હતી. છેલ્લે પહાડગંજ વિસ્તારમાં હોટેલો, ટેક્સી રિક્ષા ચાલકોને પુછતાછ કરતાં નોઇડા મેટ્રો રેલ્વે સ્ટેશને ટીમ પહોંચતા ત્યાંથી બાળક મળી આવ્યો હતો. પોલીસની ટીમે પંદરસો કિલોમીટરનું અંતર કાપી ૩૬ કલાકમાં જ અપહૃતને શોધી તેના પરિવારજનોને સોંપતા પરિવારજનોએ પોલીસ અધિકારી અને ટીમને બૂકે અર્પણ કરી સન્માન કર્યુ હતું.

હેમખેમ મળી આવેલા આ સગીરે પોલીસ સમક્ષ એવુ રટણ કર્યુ હતું કે પોતાને કોઇ અપહરણ કરીને નહોતું લઇ ગયું પણ પોતે ઇલેક્ટ્રીક બાઇક લઇને દિલ્હી જવા ઇચ્છતો હોઇ જેથી પૈસા બેંકમાં જમા કરાવવાના બહાને દુકાનેથી લઇને ઇલેક્ટ્રીક બાઇક લઇને રવાના થઇ ગયો હતો. પરંતુ મહેસાણા સુધી પહોંચતા ત્યાં પાવર ખતમ થઇ જતાં અને પાવર સ્ટેશન ન હોઇ બાઇક રેઢુ મુકી ટ્રેન સહિતના વાહનો મારફતે દિલ્હી પહોંચી ગયો હતો. પોલીસે તેનું કાઉન્સેલીંગ કરાવી હવે પછી આવી ભુલ નહિ કરવા સમજ આપી હતી. સગીરની ઇલેક્ટ્રીક બાઇક લઇને દિલ્હી સુધી ફરવા જવાની ઇચ્છાને કારણે તેના સ્વજનો અને પોલીસ એમ બધા ધંધે લાગી ગયા હતાં અને વાત ગંભીર બની ગઇ હતી. જો કે પોલીસે તુરત જ ઘટનાને ગંભીર ગણી તપાસ વેગવંતી બનાવી હતી અને સગીર દિલ્હીમાં કોઇ લેભાગુના હાથમાં ચડે એ પહેલા તેને શોધી કાઢી પરિવારને સોંપી દીધો હતો.

# પખવાડીયા પહેલા સગાઇ થઇ હતી તે ૨૫ વર્ષના યુવાનનું હૃદય બંધ પડી જતાં મોત

### રૈયા ચોકડીએ રહેતો ઇશીત પંચોલી બહુમાળી પાસે પ્રાદેશીક કચેરીમાં કોમ્પ્યુટર ઓપરેટર હતોઃ પરિવારનો એકનો એક પુત્ર હતો

રાજકોટ, તા. ૯

ઘણીવાર એવી ઘટના બની જતી હોય છે કે તે જાણીને એમ બોલી જવાય કે જિંદગી તો બેવફા હૈ...આવી જ એક કરૂણ ઘટનામાં પચ્ચીસ વર્ષના યુવાનનું હૃદય ધબકારા ચુકી જતાં મૃત્યુ થયું છે. કરૂણતા એ છે કે હજુ તો પખવાડીયા પહેલા જ આ યુવાનની સગાઇ થઇ હતી. એક તરફ પરિવારજનોની ખુશી હજુ ખતમ થઇ નહોતી ત્યાં જેની સગાઇ થઇ હતી એ જ દિકરાના મરશીયા ગાવાની કપરી વેળા આવી ગઇ હતી. આ યુવાન સરકારી પ્રેસ પાસે આવેલી પ્રાદેશીક કમિશનર કચેરીમાં ફરજ બજાવતો હતો.

વિગતો પર નજર કરીએ તો શહેરની રામાપીર ચોકડી પાસે શાંતિ નિકેતન એપાર્ટમેન્ટમાં રહેતો ઇશિત કમલેશભાઇ પંચોલી નામનો પચ્ચીસ વર્ષનો યુવાન સવારે નવેક વાગ્યે ઘરે એકાએક બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ તેને નિષ્પ્રાણ જાહેર કરતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. આ યુવાન બહુમાળી નજીક સરકારી પ્રેસ પાસે આવેલા જીલ્લા સેવા સદન-૩માં આવેલી પ્રાદેશીક કમિશનર કચેરી-મહાનગર પાલિકામાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે આઉટ સોર્સથી નોકરી કરતો હતો. હજુ તો પંદર દિવસ પહેલા જ તેની સગાઇ થઇ હતી. મૃત્યુ પામનાર ઇશિત એક બહેનથી નાનો હતો અને પરિવારનો આધારસ્તંભ હતો. તેના પિતા પ્રાઇવેટ નોકરી કરે છે. હાર્ટએટેક આવી ગયાનું પરિવારજનોએ જણાવ્યું હતું. ઇશિત જ્યાં નોકરી કરે છે તે કચેરી



### મારવાડી કોલેજના ડ્રાઇવરની જિંદગીની સફરનો હૃદયરોગના હુમલાને કારણે આવ્યો અંત

મહાનગર પાલિકા હેઠળ આવતી હોઇ ડે. મ્યુનિસિપલ કમિશનર પણ ઘટનાની જાણ થતાં પોસ્ટમોર્ટમ રૂમ ખાતે દોડી આવ્યા હતાં. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં યુનિવર્સિટી પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરી હતી.

હૃદય રોગના હુમલાની બીજી આવી એક ઘટનામાં મોરબી વીસીપરા સુમરા સોસાયટીમાં રહેતાં ઇસ્માઇલભાઇ હાજીભાઇ સુમરા નામના ત્રેપન વર્ષના પ્રૌઢ મારવાડી કોલેજ ખાતે ડ્રાઇવર રૂમમાં સેટી પર સુતા હોઇ ત્યાંથી પડી જતાં બેભાન થઇ ગયા બાદ મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. તેઓ મોરબીથી છાત્રોને બસમાં બેસાડી દરરોજ મારવાડી કોલેજ લાવતાં હતાં. આરામ કરવા સુતા હોઇ હાર્ટએટેક આવી ગયો હતો. તે બે ભાઇ અને એક બહેનમાં વચેટ હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પાંચ વર્ષથી કોલેજમાં ડ્રાઇવર તરીકે નોકરી કરતાં હતાં. આ બારામાં કુવાડવા રોડ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

### મવડી રોડની ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટમાં બનાવઃ નામ કમીના કામ માટે ગ્રાહકને રાહ જોવાનું કહેવાતાં ડખ્ખો

# મહિલા બેંક કર્મચારી માથે ટ્રક ફેરવી દેવાની જીતુની ધમકી!

### તું મને ઓળખતી નથી કહી મવડીના શખ્સે બેફામ વાણીવીલાસ કરી મહિલા કર્મચારીઓને ન કહેવાનું કહ્યુંઃ તાલુકા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી

રાજકોટ, તા. ૯

બેંકોમાં અલગ અલગ કામ માટે જતાં ખાતેદાર ગ્રાહકોને ઘણીવાર અલગ અલગ કારણોસર પોતાના કામ માટે રાહ જોવી પડતી હોય છે. મોટે ભાગે બેંક સહિતના કામોમાં થોડી ધીરજ રાખવી પડતી હોય છે. પરંતુ ઘણા એવા ગ્રાહકો હોય છે જેને રાહ જોવી ગમતી હોતી નથી આથી તે બેંક કર્મચારીઓ સામે ઉકળાટ ઠાલવવા માંડતા હોય છે. આવી જ એક ઘટના શહેરના મવડી મેઇન રોડ પર આવેલી બેંકમાં બની છે. અહિ નામ કમી કરાવવા અને નવું નામ ઉમેરવાના કામ માટે આવેલા ગ્રાહકને મહિલા કર્મચારીએ તેમનો વારો આવે ત્યાં સુધી રાહ જોવાનું કહેતાં આ શખ્સે તું મને ઓળખે છે, હું કોણ છું? કહી ધમાલ મચાવી મહિલા



કર્મચારી સાથે અશોભનીય વર્તન કરી ચારિત્ર્ય બાબતે ન બોલવાના શબ્દો બોલી તેમજ મહિલા કર્મચારીને ટ્રક માથે ચડાવી દેવાની ધમકી આપતાં વાત પોલીસ સુધી પહોંચી હતી.

વિગતો પર નજર કરીએ તો આ મામલે તાલુકા પોલીસે રવિરત્ન પાર્ક શેરી નં. ૨માં રહેતાં અને મવડી રોડ પર જીથરીયા હનુમાન મંદિર સામે આશીર્વાદ હોસ્પિટલની બાજુમાં આવેલી ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટના બ્રાંચ મેનેજર અશ્વિનભાઇ કાનજીભાઇ કનેરીયાની ફરિયાદ પરથી મવડી બાયપાસ સંસ્કાર સાનિધ્ય બી-૧૦૪માં રહેતાં જયેશ ઉર્ફ જીતુ લવજીભાઇ સોરઠીયા સામે બીએનએસની કલમો હેઠળ ફરિયાદ દાખલ કરી હતી. અશ્વિનભાઇએ જણાવ્યું હતું કે પોતે બેંકમાં બ્રાંચ મેનેજર તરીકે ફરજ બજાવે છે. પાંચમી તારીખે બપોરે બે વાગ્યા આસપાસ બેંકના ગ્રાહક જયેશભાઇ ઉર્ફ જીતુભાઇ બેંક ખાતે જોઇન્ટ એકાઉન્ટના કામ માટે આવ્યા હતાં. તેમને એક નામ કમી કરાવી તેમના માતાનું નામ આ એકાઉન્ટમાં ઉમેરાવવાનું હતું.

આ કામ માટે તેમને બેંકના મહિલા કર્મચારીએ થોડો સમય રાહ જોઇ બેસવાનું કહેતાં તેને આ બાબત ન ગમતાં તેણે મહિલા કર્મચારીને હું કોણ છું,ઓળખો છો? કહી દેકારો મચાવી તેણી સાથે ગેરવર્તન આચર્યુ હતું. તેમજ ગાળો દઇ ચારીત્ર્ય બાબતે અશોભનીય વર્તન કરી તેમની માથે ટ્રક ચડાવી દઇ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અન્ય મહિલા કર્મચારીઓ વિરૂધ્ધ પણ લાજ-શરમ મુકીને જાતીય ટીપ્પણી કરી હતી. તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર ડી. એમ. હરિપરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ બી. વી. સરવૈયાએ એફઆઇઆર દાખલ કરી હતી અને વિશેષ તપાસ આરંભી હતી.

## રેલનગર બગીચામાં લુખ્ખાગીરીઃ યુવતિ સામે ચાળા, તેના પિતાને ઝીંક્યા છરીના ઘા

### પોપટપરામાંથી પરિવારજનો સાથે ફરવા ગયેલા ફતેમહમદભાઇને બેઠક પર ગંભીર ઇજા થતાં સારવાર હેઠળઃ બે શખ્સોને શોધતી પ્રદ્યુમનનગર પોલીસ

રાજકોટ, તા. ૯

લુખ્ખાગીરીની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. હવે તો બાગ બગીચામાં પણ આવા બનાવ શરૂ થઇ ગયા છે. પોપટપરા મેઇન રોડ પર મિંયાણાવાસના ખુણે રહેતાં અને છુટક મજૂરી કરતાં ફતેમહમદ ઇલ્યાસ બાબરીયા નામના પંચાવન વર્ષના પ્રૌઢ રવિવારની રાતે અગિયારેક વાગ્યે રેલનગર સ્મશાન સામે આવેલા બગીચામાં હતાં ત્યારે આ વિસ્તારના કિશન અને અજીત નામના શખ્સોએ ઝઘડો કરી ઢીકાપાટુનો માર મારી બેઠક પર છરીના ચારેક ઘા મારી દેતાં દેકારો મચી ગયો હતો. લોહીલુહાણ થઇ પડી જતાં હુમલાખોરો ભાગી ગયા હતાં.

ઘટનાને પગલે લોકો ભેગા થઇ જતાં ફતેમહમદ બાબરીયાને સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં તાકીદે સારવાર માટે દાખલ કરાયા હતાં. આ બનાવની જાણ સિવિલ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ જુણાચે પ્રધ્યુમનનગર પોલીસને કરી હતી. ફતેમહમદભાઇના કહેવા મુજબ પોતે દિકરી, પરિવારજનો સાથે રાતે બગીચે આટો મારવા ગયા હતાં. આ વખતે કિશન અને અજીત નામના છોકરાઓ તેની દિકરી સાથે જોઇ ચાળા કરતાં હોઇ તેને સખણા રહેવાનું કહીને સમજાવતાં આ બંને ઉશ્કેરાઇ ગયા હતાં અને બધા પરિવારજનોની હાજરીમાં જ છરીથી તૂટી પડ્યા હતાં. પોલીસે હુમલો કરી ભાગી ગયેલા શખ્સોને શોધી કાઢવા તપાસ શરૂ કરી હતી.

### મહિલા સવારે ઘરમાં ન દેખાતાં તપાસ કરતાં કરૂણ દ્રશ્ય નજરે ચડ્યુંઃ અકસ્માતે પડી ગયા કે આત્મહત્યા? તેની તપાસ

## બ્રાહ્મણીયાપરામાં સ્વજનોએ શોધખોળ કરતાં લત્તાબેનની લાશ ભોં ટાંકામાંથી મળી

રાજકોટ, તા. ૯

શહેરના મોરબી રોડ પર બ્રાહ્મણીયાપરા બાલક હનુમાનજીના મંદિર સામે આશાપુર ડેરી પાસે રહેતાં ઓગણસાઇઠ વર્ષના લત્તાબેન ધીરૂભાઇ ખુંટ નામના વૃધ્ધાનું ઘરના ફળીયામાં આવેલા ભોં ટાંકામાં ડુબી જવાથી મોત થયું હતું. બનાવની જાણ થતાં બી-ડિવીઝન પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

પોલીસ સુત્રોના કહેવા અનુસાર મૃત્યુ પામનાર લત્તાબેનને સંતાનમાં એક પુત્ર છે. પતિ રેતી કપચીનો ધંધો કરે છે. સવારે પરિવારજનો જાગ્યા ત્યારે લત્તાબેન ઘરમાં જોવા ન મળતાં શોધખોળ કરતાં તે ભોં ટાંકામાંથી મળી



### પારેવડામાં ભુલથી ઝેરી દવા પી લેતાં મહિલાનો જીવ ગયો

આવતાં બેભાન હાલતમાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ તબિબે નિષ્પ્રાણ જાહેર કર્યા હતાં. જ્યોતિબેનની બિમારીની દવા ચાલુ હતી. લત્તાબેન અકસ્માતે ભોં ટાંકામાં પડી ગયા કે પછી તેમણે આત્મહત્યા કરી? તેની તપાસ હાલ યથાવત રખાઇ છે.

બીજા બનાવમાં રાજકોટના બામણબોર નજીક પારેવડા ગામે રહેતાં મધુબેન રસીકભાઇ માલકીયા નામના મહિલા તા. ૪ના રોજ ખેતરમાં છાંટવાની દવા ભુલથી પી જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. તેમનું આજે મોત થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મધુબેનના પતિ ખેતી કામ કરે છે. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. તેણીના આ બીજા લગ્ન હતાં. ભુલથી દવા પી ગયાનું સ્વજનોએ કહેતાં એરપોર્ટ પોલીસે જરૂરી કાર્યવાહી કરી ખરેખર શું બન્યું તેની તપાસ આદરી હતી.

### સોની બજાર-પેલેસ રોડના વેપારીઓને મોટે ભાગે પરપ્રાંતના છેતરે, આ વખતે લોકલ 'કળા' કરી ગયો

# આશાપુરા રોડના વેપારીને કારીગરે લગાડ્યો લાખોનો ચૂનો

### સ્વામિનારાયણ ભગવાનની મુર્તિના ચાંદીના વાઘા બનાવવા માટે ગુંદાવાડીનો કારીગર નલીન જે ચાંદી વેપારી પાસેથી લઇ ગયો તે બારોબાર બીજા કામમાં વાપરી નાંખ્યુંઃ એ-ડિવીઝન પોલીસે દાખલ કરી FIR

રાજકોટ, તા. ૯

સોની બજાર, પેલેસ રોડના સોના ચાંદીના વેપારીઓ સાથે અવાર-નવાર ઠગાઇ થતી રહે છે. મોટે ભાગે પરપ્રાંતના કારીગરો દાગીના બનાવી આપવાના બહાને વિશ્વાસ કેળવી સોનુ કે ચાંદી લઇ છુમંતર થઇ જતાં હોય છે. આવો વધુ એક બનાવ સામે આવ્યો છે જેમાં આશાપુરા રોડ પર ચાંદીના ઘરેણાની દુકાન ધરાવતાં વેપારીને ગુંદાવાડીમાં રહેતો ચાંદીના ઘરેણાનો કારીગર છેતરી ગયો છે. ભગવાનના ચાંદીના વાઘા બનાવવાનું કામ રાખી આ કારીગર બારોબાર છ લાખનું ચાંદી ચાંઉ કરી ગયાનો આરોપ મુકાયો છે.

વિગતો પર નજર કરીએ તો વેપારીને સ્વામિનારાયણ ભગવાનની મુર્તિના ચાંદીના વાઘા બનાવવાનો ઓર્ડર મળતાં તેણે આ કામ ગુંદાવાડીના કારીગરને મજુરી લેખે સોંપી મુર્તિ તથા વાઘા બનાવવા છ લાખનું ચાંદી આપ્યા હતાં. પરંતુ કારીગરે વાઘા ન બનાવી ચાંદી બારોબાર બીજા કામમાં વાપરી નાંખતા અને ચાંદી કે મુર્તિ પાછા ન આપતાં પોલીસને જાણ કરી હતી. આ બારામાં એ-ડિવીઝન પોલીસે યુનિવર્સિટી રોડ આયુર્વેદિક હોસ્પિટલ પાછળ આઇકોન પ્લેટીનિયમ-૭૦૨ ખાતે રહેતાં અને આશાપુરા રોડ ખાતે શ્રીજી સિલ્વર નામે ચાંદીના ઘરેણાની દુકાનમાં વેપાર કરતાં સત્યાવીસ વર્ષના વેપારી તેજસભાઇ સુરેશભાઇ રાણપરાની ફરિયાદ પરથી ગુંદાવાડી ગિરીરાજ એપાર્ટમેન્ટ બ્લોક નં. ૨૦૨માં રહેતાં નલીન અમરશીભાઇ પાટડીયા વિરૂધ્ધ છેતરપીંડીની એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી છે.




આ બનાવ અંતર્ગત છેતરાઇ ગયેલા વેપારી તેજસભાઇએ જણાવ્યું છે કે હું શ્રીજી સિલ્વર નામે ભાગીદારીમાં પેઢી ચલાવુ છું. અમને ૧૫/૧/૨૫ના રોજ ભગવાનની મુર્તિના વાઘા કરવા માટેનો ઓર્ડર મળ્યો હતો. અમે આ કામ ચાંદીના ઘરેણા બનાવવતા કારીગર નલીન પાટડીયાને સોંપ્યું હતું. અમે તેને આરસની સ્વામિનારાયણ ભગવાનની મુર્તિ અને ૪૮૯૩.૫૦૦ ગ્રામ ચાંદી આપ્યું હતું. ચાંદીના વાઘા બનાવવાનું કામ એક મહિનામાં પુરૂ કરવાની તેણે ખાત્રી આપી હતી. જેમાં મજુરી રૂપિયા ૨૭ નક્કી થઇ હતી. આ કામ માટે તે અમારી પાસેથી ફાઇન ચાંદી ૧૧૨૬.૮૧૦ ગ્રામ તથા મજૂરીના રૂપિયા લઇ ગયેલ. પરંતુ સમય પુરો થવા છતાં તેણે કામ પુરુ કર્યુ નહોતું. આથી અમે સ્વામિનારાયણ ભગવાનની મુર્તિ અને ચાંદી અથવા ચાંદીમાંથી બનાવેલા વાઘા પાછા માંગતા તેણે આપ્યા નહોતાં.

આ પછી પણ અમે વારંવાર અમારા ચાંદી અને મુર્તિની ઉઘરાણી કરતાં તેણે કહેલુ કે તમે જે ચાંદી આપ્યું હતું તે મેં બીજા કામમાં વાપરી નાખ્યું છે, હવે નવુ કોઇ કામ આવશે તો તમને વાઘા બનાવી દઇશ અથવા ચાંદી પાછુ આપી દઇશ. જો કે અવાર-નવાર ઉઘરાણી કરવા છતાં તે છ લાખનું ચાંદી આપતો ન હોઇ અંતને ફરિયાદ નોંધાવવાનું મેં નક્કી કર્યુ હતું. તેમ વધુમાં તેજસભાઇએ જણાવતાં એ-ડિવીઝન પોલીસ ઇન્સ્પેક્ટર બી. વી. બોરીસાગરના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ ડી. વાય. મહંતે ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી છે.

### ૧૯૯૩નો ઠરાવ છતાં

# લલુડી વોકળી રહેણાંક મકાનોને તોડી પાડવા અપાય છે ધમકી

## વિસ્તારના લોકોએ મનપાને લીધું બાનમાં : સત્તાધીશો સમક્ષ લગાવ્યા આરોપ કે બિલ્ડરને લાભ અપાવવા માટે ડિમોલિશનની અપાઈ રહી છે ધમકી



રાજકોટ, તા. ૯
રાજકોટના લોકો મહાનગરપાલિકાની કામગીરીથી સહેજ પણ સંતુષ્ટ ન હોય તેવું જાણવા મળી રહ્યું છે કારણ કે મહાનગરપાલિકા દ્વારા જે પગલાં લેવામાં આવી રહ્યા છે તે ઘણી ખરી શંકા પણ ઉપજાવે છે ત્યારે શહેરના વોર્ડ નંબર ૧૪માં લલુડી વોકડી વિસ્તારના લોકો દ્વારા મહાનગરપાલિકાને બાણમાં લેવામાં આવ્યું હતું અને રજૂઆત કરવામાં આવી હતી કે ૧૯૯૩માં ૨૩૩ લાભાર્થીઓને ૨૫ ચોરસ મીટર જમીન પાડવી તેની ફી વસૂલ કરી હતી અને હવે કોઈ રાજકીય ઓઘ ધરાવતા બિલ્ડરને રાજી રાખવા માટે આ જગ્યા ખાલી કરાવવા માટેનું કાવતરું રચવામાં આવી રહ્યું છે એટલું જ નહીં આ અંગે ખરા અર્થમાં કયા પ્રકારની રમત રમાણી છે તે અંગે યોગ્ય તપાસ થાય તેવી રહેવાસીઓએ ઉગ્ર રજૂઆત પણ કરી હતી.

લલુડી વોકળા વિસ્તારના અસરગ્રસ્તોએ ગઈકાલે મ્યુનિસિપલ કમિશનરને આવેદન પાઠવી જણાવ્યું કે, મનપાના વિસ્તાર વોર્ડ નંબર ૧૪ રાજકોટ ટીપી ૬ અંતિમ ખંડ ૧૬૦ સબ પ્લોટ નંબર ૩૫ લલુડી વોકળી વિસ્તારમાં આશરે ૪૫ વર્ષથી રહેણાંક વસવાટ કરીએ છીએ. આ જમીનમાં રાજકોટ મ્યુનિસિપાલ કોર્પોરેશનમાં સ્ટેન્ડિંગ કમિટીમાં તારીખઃ૧૫/૭/૧૯૯૩ ના ઠરાવ નંબર ૨૩૩ થી લાભાર્થીને ૨૫ ચોરસ મીટર ફાળવવાનું નક્કી થયેલું હતું અને સ્થળ પર રોજકામ કરી તારીખઃ૪/૩/૧૯૯૪ ના રોજ જરૂરી ફી વસૂલ કરી ને જગ્યા દરેક લાભાર્થીને ફાળવવામાં આવેલી હતી.

વિશેષમાં જણાવવાનું કે છેલ્લા ત્રણેક વર્ષેથી મનપાની વિવિધ બ્રાન્ચો દ્વારા પોલીસ પ્રોટેક્શન લઈને રજાના દિવસોમાં પણ વિવિધ પ્રકારની સંમતિ લેવી આધાર પુરાવા રજૂ કરવા અને તમો આ વિસ્તાર ખાલી કરીને આવાસ યોજનામાં જવા ફરજ પાડવામાં આવે છે. આ કાર્યવાહી દરમિયાન આધેડ વય મહિલાનું આઘાતમાં મૃત્યુ પણ થયેલ છે. જો આમ કરવામાં નહીં આવે તો અમો જેસીબી દ્વારા ડિમોલેશન કરી નાખીશું એવી ધમકી આપવામાં આવે છે. આ બાબતે અમો લતાવાસી દ્વારા એક જ માંગ છે કે અમારી માલિકી હોવા છતાં કેમ નોટીસ આપવામાં આવે છે?

આમાં કોઈ બિલ્ડર ગ્રુપ કે રાજકારણીનો અંગત સ્વાર્થ નથી ને તે બાબતે પણ તપાસ કરવા વિનંતી છે અથવા છખઈ દ્વારા આ અંતિમ ખંડ ૧૬૦ માં તાજેતરમાં કોઈ પ્રોજેક્ટ લોન્ચ થયેલ છે કે કેમ તેની વિગત હોય તો જાહેર કરવા બાબત આપ સાહેબ વિનંતી છે. અમો ગરીબી રેખા નીચે જીવતા તથા છૂટક મજૂરી અને બકાલું વેચીને ગુજરાન ચલાવતા પરિવાર છીએ. અમોને કુદરતી ન્યાયના સિદ્ધાંત અને અમારા બંધારણીય હક મુજબ અમોને શાંતિથી વસવાટ કરવા દેવામાં આવે અને અમારા આધાર પુરાવા ચકાસીને અમોને ન્યાય આપવા આપ સાહેબને નમ્ર વિનંતી છે.

# રેશનીંગનો પુરવઠો સમયસર પૂરો પાડવા રજૂઆત

## રાજકોટ શહેર જીલ્લાના અડધા લાખ ગરીબ રેશનકાર્ડ ધારકો ચાલુ જુન માસના રેશનીંગના પુરવઠાથી વંચીત



રાજકોટ, તા. ૯
આ રાજકોટ શહેર અને જિલ્લામાં હાલ રેશનીંગને લઈને ઘણા ખરા પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે ત્યારે ફરિયાદો પણ ઉઠી રહી છે કે દુકાનદારોને સમયસર જે માલ મળવો જોઈએ તે પુરવઠો ન મળતા લાભાર્થી ઓએ હેરાન થવું પડે છે ત્યારે જૂન મહિનાનો જે જથ્થો અંત્યો દઈને મળવા પાત્ર હતો તે મળ્યો નથી અને લાભાર્થીઓ તેનાથી વંચિત રહ્યા છે.

પુરવઠા નિગમ રાજકોટ શહેર જીલ્લાના રેશનીંગના દુકાનદારોને સમયસર રેશનીંગનો પુરવઠો પુરો પાડવામાં નિષ્ફળ જતા રાજકોટ શહેર જીલ્લાના અડધા લાખ ગરીબ રેશનકાર્ડ ધારકો ચાલુ જુન માસના રેશનીંગના પુરવઠાથી વંચીત રહેતા હોબાળો મચી જવા પામેલ છે.આ મામલે રાજકોટ શહેર ફેરપ્રાઈઝ શોપ એસો.ના મહામંત્રી હિતુભા જાડેજાની આગેવાની હેઠળ જીલ્લાના રેશનીંગના દુકાનદારોએ આજે જીલ્લા કલેકટર કચેરી ખાતે ઉમટી પડી જીલ્લા પુરવઠા તંત્રને આવેદનપત્ર સુપ્રત કરી રજૂઆત કરી હતી. જેમાં જુન માસના રેશનીંગના પુરવઠા વિતરણની મુદત લંબાવી તા.૩૦ સુધીની કરી આપવા અને પૂરક પરમીટ આપવા માંગણી ઉઠાવવામાં આવી હતી.

રાજકોટ શહેર ફેરપ્રાઈઝ શોપ એસો.ના મહામંત્રી હિતુભા જાડેજાએ જણાવ્યું હતું કે પુરવઠા નિગમ દુકાનદારોને સમયસર રેશનીંગનો પુરવઠો પહોંચાડવામાં નિષ્ફળ જતા તેની વિતરણ વ્યવસ્થામાં અવ્યવસ્થાની ભરમાર સર્જાયેલ છે.રાજકોટ શહેરના ૨૦ હજાર સહિત જીલ્લાની ૫૦ હજાર રેશનીંગ કાર્ડ હોલ્ડરો રેશનીંગના પૂરવઠાથી વંચીત રહ્યા છે. જેના પરિણામે દુકાનદારોને પણ પુરવઠાનું કમીશન ગુમાવવું પડે છે.

સરકારી દ્વારા ગત તા.૧૩મીના રોજ પરિપત્ર કરી મે અને જુન માસનું રેશનીંગના પુરવઠાનું વિતરણ મે માસમાં કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. પરંતુ રાજકોટ જીલ્લા સહિત રાજયના અનેક જીલ્લાઓમાં ગત તા.૩૧ મે સુધી જુન માસનો પુરવઠો રેશનીંગની દુકાનો પર પહોંચાડી શકાયો નથી.ત્યારબાદ તા.૧થી ૫ જુન સુધીની જુન માસના પુરવઠાના વિતરણની મુદત પણ લંબાવવામાં આવી હતી. તેમ છતા રાજકોટ શહેરના દુકાનદારોને જૂન માસના વિતરણના છેલ્લા દિવસોમાં જથ્થો મળ્યો ન હોવાના કારણે રેશનકાર્ડ ધારકોને રેશનીંગની દુકાનો પર ધસારો થયો હતો.

પરંતુ ટુંકી મુદતમાં પુરવઠાનું વિતરણ શકય બન્યું નથી જેના કારણે હજારો રેશનકાર્ડ ધારકો રેશનીંગના પુરવઠાથી વંચીત રહ્યા છે જેના પગલે રેશનીંગના ગરીબ કાર્ડ હોલ્ડરોમાં ઉગ્ર રોષ ભભૂકી ઉઠયો છે આ રોષનો ભોગ રેશનીંગના દુકાનદારોને બનવું પડયું છે.આ સંજોગોમાં જરૂરીયાતમંદ અને ગરીબ રેશનકાર્ડ ધારકોને રેશનીંગના પુરવઠાથી વંચીત રહેવું ન પડે તે માટે જુન માસના પુરવઠા વિતરણની મુદત લંબાવવામાં આવે.

તા.૧૩ મે બાદ જે રેશનકાર્ડ હોલ્ડરોએ ઈ કેવાયસી કરાવેલ છે તેમને રેશનીંગનો પુરવઠો મળી રહે એ માટે જરૂરીયાત મુજબ દુકાનદારોને પૂરક પરમીટ આપવામાં આવે તેમજ જુન માસના રેશનીંગના પુરવઠાના વિતરણને લંબાવામાં આવે તેવી તેઓએ માંગણી કરી હતી.આ રજૂઆતમાં માવજીભાઈ રાખસીયા, પરેશભાઈ પતીરા, નિર્મળભાઈ ક્રિપલાણી સહિતના ફેર પ્રાઈઝ એસો.ના હોદેદારો તેમજ જીલ્લાના સસ્તા અનાજના દુકાનદારો જોડાયા હતા.

### મેળા વેલ્ફેર એસોસિએશને યોજી પત્રકાર પરિષદ
### કયુ ફાઉન્ડેશન કરવું શક્ય નથી અને એ ખર્ચ પોસાય પણ નહીં

# લોકમેળામાં SOP મુદ્દે એસોસિએશન મેદાને



રાજકોટ, તા. ૯
શહેરમાં જે ટીઆરપી અગ્નિકાંડની ઘટના ઘટી તે બાદ સરકાર લોકોને સલામતીને લઈને ઘણી ખરી રીતે ચિંતિત છે ત્યારે ખુલ્લા ગ્રાઉન્ડમાં યોજાતા ધાર્મિક મેળા કે પછી મનોરંજન રાઈડસ માટે એસ ઓ પી બહાર પાડી અને તેની અમલવારી પણ કરવામાં આવી રહી છે ત્યારે આ એસ ઓ પી ના નિયમમાં મોટી રિફાઈનરી મશીનરી તથા ફેકટરી મશીનરી અને મોટા પાર્કમાં જે રાઇડ્સ ઉભી કરવામાં આવતી હોય તેના માટેના નિયમો બનાવવામાં આવ્યા ત્યારે હવે રાજકોટમાં આયોજિત થનાર લોકમેળામાં આ વર્ષે કોઈ અન્ય પ્રશ્ન ઊભા ન થાય તે માટે વહીવટી તંત્રને અનેકવિધ રજૂઆતો કરવામાં આવી છે. એટલું જ નહીં સંચાલકોનું માનવું છે કે ખુલ્લા ગ્રાઉન્ડમાં યોજાતા હંગામી મેળામાં આજ દિન સુધી કોઈ આગ કે અકસ્માતનો બનાવ બન્યો નથી.

બીજી તરફ જે મેળામાં રાઈડસ ઉભી કરવામાં આવે છે તેની ચકાસણી પણ યોગ્ય રીતે કરવામાં આવતી હોય છે એટલું જ નહીં. જે સંચાલકો દ્વારા રાઈડસ ઉભી કરવામાં આવે તે દસ વર્ષ જૂની એસેમ્બલ થયેલી હોય છે જેની ડિઝાઇન કે ડ્રોઈંગ એવું કાંઈ હોતું નથી. જરા આ પ્રકારના નિર્ણયો માં બાંધછોડ કરવામાં આવે તે ખૂબ જરૂરી છે એટલું જ નહીં આવા સંજોગોમાં સરકારી અન્ય નિયમો પ્રમાણે સોગંદનામુ લેવું જે ફક્ત એક વર્ષ સુધી માન્ય રહે.

અગાઉના વર્ષોમાં એન્જિનિયર કે સ્ટ્રક્ચર એન્જિનિયર ના પ્રમાણપત્રની જરૂરિયાત રહેતી ન હતી ત્યારે હાલ આ પ્રમાણપત્ર ડોક્યુમેન્ટ ની ફાઈલમાં રાખવા પૂરતા જ માંગવામાં આવે છે અકસ્માત થાય તેની કોઈ જવાબદારી રહેતી નથી ત્યારે મેરાદિત એક રાઈડની ફી પણ વસૂલી છે. વધુમાં ગુજરાત એમ્યુઝમેન્ટ એસોસિએશનના સભ્યોએ જણાવ્યું હતું કે વેટના ટેક્સ વગર કે જીએસટી વગરની એસેમ્બલી રાઈડની યાંત્રિક ચકાસણી ફી માં બે થી પાંચ ગણો વધારો કરી વસૂલવી તેવું એસોસિએશનના સભ્યોએ જણાવ્યું હતું એટલું જ નહીં તેઓએ કહ્યું કે ઉત્પાદક કંપનીનું પ્રમાણપત્ર તંત્ર દ્વારા માંગવામાં આવે છે પરંતુ રાઈડ એસેમ્બલી હોવાથી તે પ્રમાણપત્ર અશક્ય છે.

# વોર્ડ નં.૧૬માં અશાંતધારાના નિયમોનો ઉલાળીયો

## કોઠારીયા રોડ વિસ્તારની સોસાયટીના રહેવાસીઓએ કલેકટરને કરી રજૂઆત : તાકીદે પગલાં માંગ



રાજકોટ, તા. ૯
જે સમયે અશાંત ધારો લાગુ કરવામાં આવ્યો ત્યારે લાગતું હતું કે તંત્રને અને મિલકત ધારકોને ઘણો ખરો ફાયદો મળશે પરંતુ હાલ જે તે વિસ્તારમાં અશાંત ધારો લાગુ થયેલો હોય તેમાં પણ અત્યારે ઘણા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે અને નિયમોનો ભંગ થઈ રહ્યો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. મળતી માહિતી મુજબ ગઈકાલે વોર્ડ નંબર ૧૬ કોઠારીયા રોડ વિસ્તારની સોસાયટીના રહેવાસીઓ દ્વારા કલેકટરને રજૂઆત કરવામાં આવી હતી અને તેઓને જણાવાયું હતું કે હાલ આ જગ્યાએ નિયમોનો ભંગ થઈ રહ્યો છે આ માટે યોગ્ય પગલા તાકીદે લેવામાં આવે જેથી મિલકત ધારો કોનું હિત જળવાઈ રહે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે આ અંગે ભક્તિનગર પોલીસને પણ રજૂઆત કરવામાં આવી પરંતુ જે યોગ્ય જવાબ મળવો જોઈએ તે મળ્યો નથી અને કાર્યવાહી પણ થઈ નથી.

શહેરના વોર્ડ નં.૧૬ના કોઠારીયા રોડ વિસ્તારની સોસાયટીમાં અશાંત ધારો લાગુ કરવામાં આવેલ છે. જેમાં ન્યુ કેદારનાથ સોસાયટીમાં આ અશાંત ધારાનો ભંગ થઈ રહ્યાની ફરીયાદ સાથે આ સોસાયટીના રહીશોએ ગઈકાલે વિશાળ સંખ્યામાં કલેકટર કચેરી ખાતે ઉમટી પડી આ મામલે જીલ્લા કલેકટર પ્રભવ જોશીને આવેદનપત્ર સુપ્રત કરી ઉગ્ર રજૂઆત કરી હતી.

ન્યુ કેદારનાથ સોસાયટીના રહીશોએ આ અંગે જણાવ્યું હતું કે આ વિસ્તારમાં અશાંત ધારાના આ કાયદાનું પાલન થતું જ નથી. વિધર્મીઓ દ્વારા આ સોસાયટીમાં મકાન ખરીદ કરવામાં આવી રહ્યા છે.જેની ફરીયાદ અગાઉ ભકિતનગર પોલીસ સ્ટેશનમાં પણ કરવામાં આવી હતી. આમ છતા આ સોસાયટી વિતરણમાં જમીન મકાન લે વેચના એજન્ટો (દલાલો દ્વારા) હજુ પણ બેરોકટોક મકાનોનું વેચાણ કરવામાં આવી રહ્યું છે.ન્યુ કેદારનાથ સોસાયટી અને ન્યુ સાગર સોસાયટી વચ્ચે આવતા ૪૦ ફૂટના રોડ પર પાંચથી છ મકાનોનું સોસાયટીના રહીશોને ગેરમાર્ગે દોરી વિધર્મી ઓને ગેરકાયદેસર રીતે વેચાણ કરવામાં આવેલ છે. મકાન વેચાણના આ કરાર રદ કરવા માટે તેઓએ માંગણી ઉઠાવી વધુમાં જણાવ્યું હતું કે આ વિસ્તારમાં અશાંત ધારો લાગુ હોવા છતા અમુક નોટરી અને વકીલો દ્વારા કાયદાનું ઉલ્લંઘન કરી વિધર્મીઓને મકાન વેચાણના કરાર કરવામાં આવે છે.

જેથી આવા કરાર ન થાય તે માટે વકીલોને સૂચના આપવા તેઓએ માંગણી કરી જણાવ્યું હતી કે તેઓની આ સોસાયટી ૩૫ વર્ષ જુની હોય તેઓની આ સોસાયટીની આજુબાજુની સોસાયટીઓની સનદો આવી ગયેલ છે પરંતુ તેઓની આ સોસાયટી હજુ સુધી રેગ્યુલાઈઝ થઈ શકી નથી જેથી આ બાબતે પણ પગલા લેવા તેઓએ કલેકટરને જણાવ્યું હતું.ન્યુ કેદારનાથ સોસાયટીમાં અશાંત ધારાનો ભંગ કરી વિધર્મીઓને મકાનોનું વેચાણ થઈ રહ્યાની આ સોસાયટીના રહીશોએ કરેલી ફરીયાદના પગલે જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા આ પ્રકરણમાં તાબડતોબ તપાસ કરવા સીટી પ્રાંત-૧ અધિકારીને આદેશ આપેલ છે. ન્યુ કેદારનાથ સહિતની આ વિસ્તારની સોસાયટીઓમાં અશાંત ધારો લાગુ હોવા છતા મકાનોના વેચાણના કરાર કાયદાનું ઉલ્લંઘન કરી થતા હોવાનો મામલો સામે આવતા આ અંગે તપાસ કરી રીપોર્ટ આપવા માટે પ્રાંત-૧ અધિકારીને તાકીદ કલેકટર દ્વારા કરવામાં આવી છે.

# કોરોનાની સદી : શહેરમાં ૧૦૫ કેસ

## સરકાર ક્યારે જાહેર કરશે માર્ગદર્શિકા સો મણનો સવાલ : મહાનગરપાલિકાનું આરોગ્ય વિભાગ પણ મૌન : શું કારણ? કેસનો આંકડો ઘટાડવા મથામણ

રાજકોટ, તા. ૯
સમગ્ર દેશમાં હાલ કોરોનાનો નવો વેરિઅન્ટ લોકોને ઘણી તકલીફો પહોંચાડી રહ્યો છે ત્યારે આગામી દિવસોમાં આ વિકટ સમસ્યાનો યોગ્ય નિરાકરણ લાવવામાં આવે તેવું અનુમાન હાલ લગાવવામાં આવી રહ્યું છે ત્યારે રાજકોટ શહીદ સમગ્ર રાજ્યમાં હાલ કોરોનાના કેસમાં ઝડપી ઉછાળો પણ જોવા મળ્યો છે ગઈકાલે ૧૦ કેસ રાજકોટ શહેરમાં આવતાં જ કુલ કેસ નો આંકડો ૧૦૦ ને પાર થઈ ચૂક્યો છે ત્યારે અડધો અડધ દર્દીઓ સાજા પણ થઈ ગયા હોવાનું માલુમ પડ્યું છે. પરંતુ હાલ જે રીતે કોરોના નું સંક્રમણ સતત વધી રહ્યું છે તેને ધ્યાને લઈ આગામી દિવસોમાં યોગ્ય વ્યવસ્થા તંત્ર દ્વારા ઊભી કરવામાં આવે તે ખૂબ જરૂરી છે. હાલ વધતા કોરોનાના કેસ ના પગલે રાજ્ય સરકારમાં પણ ચિંતા ના વાદળો જોવા મળી રહ્યા છે ત્યારે સરકાર આ અંગે કોઈ નિર્ણાયક પગલા અને સ્થાનિક પ્રસાશન પણ આ મુદ્દે ગંભીરતા પૂર્વક વિચારે તે ખૂબ જરૂરી છે. હાલ આરોગ્ય વિભાગ દ્વારા જે જરૂરી માર્ગદર્શિકા જાહેર થવી જોઈએ તે થઈ શકી નથી અને પરિણામ સ્વરૂપે લોકોએ હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે. રાજકોટમાં પહેલા જે કેસ નોંધાતા તેમાં ટ્રાવેલિંગ હિસ્ટ્રી પણ જોવા મળતી હતી પરંતુ હવે વગર ટ્રાવેલિંગ હિસ્ટ્રી ના કેસની સંખ્યામાં ઉતરોતર વધારો થઈ રહ્યો હોવાનું માલુમ પડ્યું છે.

રાજકોટ શહેરમાં આજ સુધી સિંગલ ડિઝિટમાં કોરોનાના કેસ આવી રહ્યા હતાં. જેમાં આજે નવા ૧૦ કેસ સાથે કોરોનાએ ડબલ ડીઝીટમાં એન્ટ્રી મેળવી લીધી છે. આજ સુધીમાં આવેલા કેસનો આંકડો ૧૦૫ પર પહોંચી ગયો છે. કોરોનામાં સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૫૪ પર પહોંચી છે અને હાલમાં હોમ આઈસેલેટ હેઠળ ૫૧ દર્દી સારવાર લઈ રહ્યાનું આરોગ્ય વિભાગે જણાવ્યું હતું.

શહેરમાં આજે વધુ ૧૦ નવા કોરોનાના પોઝિટિવ કેસ આવતા કેસનો આંકડો ૧૦૫ પર પહોંચ્યો છે. આજે વોર્ડ નં. ૨ માં રૈયા રોડ પુરુષ ૭૯ વર્ષ તથા સ્માર્ટ બજાર પાસે મહિલા ઉ.વ. ૩૫ તથા અંજની સોસાયટીમાં પુરુષ ૮૧ વર્ષ અને છોટુનગર સોસાયટીમાં પુરુષ ૪૯ વર્ષ સહિત ૪ કેસ તેમજ વોર્ડ નં. ૬ માં ગંગદેવ પાર્ક પુરુષ ઉ.વ. ૮૦, તથા વોર્ડ નં. ૩ રેલવેલોકો કોલોની મહિલા ઉ.વ. ૩૦ તથા વોર્ડ નં. ૮ રાજલક્ષ્મી સોસાયટી પુરુષ ઉ.વ. ૬૯ અને ક્રિષ્નાપાર્ક પુરુષ ઉ.વ.૩૧ અને આદર્શ સોસાયટી પુરુષ ઉ.વ. ૭૭ તથા વોર્ડ નં. ૧ રત્નમ સ્કાય સીટી પુરુષ ઉ.વ. ૩૬ સહિત પુરુષ કુલ નવા ૧૦ કેસ નોંધાયા છે.

આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ આજે આવેલા નવા ૧૦ કેસ પૈકી ૧ દર્દીને ઓક્સિજન હેઠળ સારવાર આપવામાં આવી રહી છે. તથા તમામ દર્દીની સ્થિતિ સ્ટ્રેબલ હોવાનું તેમજ તમામ દર્દીઓએ કોરોના વેક્સિનનો કોર્સ પુરો કરેલ અને તમામનું લોકલ સંક્રમણના કારણે ચેપ લાગ્યો હોવાનું જણાવ્યું હતું. કોરોનાના કેસમાં સતત વધારો થતાં આરોગ્ય વિભાગે લોકોને કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

